dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 145 | AD - 2026, Fagan Sud - 14 | Monday, Dt. 02-03-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### કુવૈત-UAE-ઈઝરાયલ પર ઈરાનનો વળતો હુમલો

# ઈરાન પર ૧૨૦૦ બોમ્બનો મારો, સુપ્રીમ લીડર ખામેનેઈ અને ૪૦ કમાન્ડરોના મોત

તેહરાન/તેલ અવીવ, તા.૦૧

મિડલ ઈસ્ટમાં તણાવ હવે ચરમસીમાએ પહોંચી ગયો છે. છેલ્લા ૨૪ કલાકમાં અમેરિકા અને ઈઝરાયલના સંયુક્ત દળોએ ઈરાન પર અત્યાર સુધીનો સૌથી મોટો હવાઈ હુમલો કર્યો છે. મળતા અહેવાલો મુજબ, ઈરાનના વિવિધ સૈન્ય મથકો અને વ્યૂહાત્મક સ્થળો પર ૧,૨૦૦થી વધુ બોમ્બ ઝીંકવામાં આવ્યા છે. આ હુમલામાં ઈરાનના સર્વોચ્ચ નેતા (સુપ્રીમ લીડર) આયાતુલ્લા અલી ખામેનેઈનું મોત થયું હોવાના અહેવાલોથી સમગ્ર વિશ્વમાં ખળભળાટ મચી ગયો છે. શનિવારે મોડી રાત્રે ઈઝરાયલી વાયુસેનાએ ખામેનેઈના ઓફિસ કોમ્પ્લેક્સને નિશાન બનાવી ૩૦ જેટલી ઘાતક મિસાઈલો છોડી હતી. આ હુમલા સમયે ખામેનેઈ તેમના ઉચ્ચ સ્તરીય સૈન્ય કમાન્ડરો સાથે બેઠક કરી રહ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ હુમલામાં ખામેનેઈની સાથે તેમના પરિવારના સભ્યો (પુત્રી, જમાઈ અને પૌત્રી) તેમજ ઈરાની સેનાના ૪૦ જેટલા ટોચના કમાન્ડરો માર્યા ગયા છે. ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ અને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ કાર્યવાહીને આતંકવાદ વિરુદ્ધની મોટી સફળતા ગણાવી છે. ઈરાનની સરકારી ન્યૂઝ એજન્સીઓએ



પણ આ અંગે પુષ્ટિ કરી હોવાનું મનાય છે. અમેરિકા અને ઈઝરાયલે ઈરાનની રાજધાની તેહરાન સહિત ૧૦ મોટા શહેરોમાં બોમ્બમારો કર્યો છે. આ હુમલાઓમાં અત્યાર સુધીમાં ૨૦૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે અને ૭૪૦થી વધુ લોકો ઘાયલ થયા છે. તેહરાનમાં એક શાળા પર મિસાઈલ પડતા ૧૪૮ વિદ્યાર્થિનીઓના કરૂણ મોત નિપજ્યા હોવાના હૃદયદ્રાવક સમાચાર પણ સામે આવ્યા છે. આ સિવાય ઈરાનના પૂર્વ રાષ્ટ્રપતિ મહમૂદ અહમદીનેજાદ પણ તેમના નિવાસસ્થાન પર થયેલા હુમલામાં માર્યા ગયા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. પોતાના સર્વોચ્ચ નેતાના મોત બાદ ઈરાને પણ આક્રમક વલણ અપનાવ્યું છે. ઈરાને સંયુક્ત આરબ અમીરાત (UAE) પર ૧૬૫ બેલિસ્ટિક મિસાઈલો અને ૫૦૦થી વધુ ડ્રોન દ્વારા હુમલો કર્યો હતો. આ હુમલામાં દુબઈ અને શારજાહમાં ભારે નુકસાન થયું છે અને ૩ લોકોના મોત થયા છે. ઉપરાંત, ઈરાને ઈઝરાયલના બેઈત શેમેશ શહેર પર પણ મિસાઈલો છોડી છે, જેમાં ૬ લોકોના મોત થયા છે. કુવૈત પર પણ ઈરાન દ્વારા સેંકડો ડ્રોન અને મિસાઈલો છોડવામાં આવી હોવાના અહેવાલ છે. યુદ્ધ હવે માત્ર જમીન કે આકાશ પૂરતું મર્યાદિત રહ્યું નથી. ઈરાનની આઈઆરએનએ (IRNA) એજન્સીએ દાવો કર્યો છે કે તેમણે અરબી સમુદ્રમાં તૈનાત અમેરિકાના વિશાળ એરક્રાફ્ટ કેરિયર 'યુએસએસ અબ્રાહમ લિંકન' પર ચાર બેલિસ્ટિક મિસાઈલો છોડી છે. જોકે, અમેરિકાએ આ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ કરી નથી. ઈરાન અને ઈઝરાયલ વચ્ચેના આ સીધા યુદ્ધે ત્રીજા વિશ્વયુદ્ધની આશંકા જન્માવી છે. ખામેનેઈના અવસાન બાદ ઈરાનમાં સત્તાનું શૂન્યાવકાશ સર્જાયું છે અને કટ્ટરપંથી જૂથો વધુ આક્રમક બની શકે છે. રશિયા અને ચીન જેવી મહાસત્તાઓ આ હુમલાની ટીકા કરી રહી છે, જ્યારે પશ્ચિમી દેશો ઈઝરાયલના બચાવમાં ઊભા છે. આગામી કલાકોમાં આ સંઘર્ષ કઈ દિશામાં જશે તેના પર સમગ્ર વિશ્વની મીટ મંડાયેલી છે.

### દુબઇ-અબુધાબીમાં ૩૦૦૦ ગુજરાતીઓ ફસાયા, સ્થિતિ પર નજર

મિડલ ઈસ્ટમાં વધતી તંગદિલી વચ્ચે દુબઈ અને અબુધાબીમાં અંદાજે ૩૦૦૦ જેટલા ગુજરાતીઓ ફસાયા હોવાનું જાણવા મળ્યું છે. અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન સામે કાર્યવાહી બાદ પરિસ્થિતિ તંગ બનતા મુસાફરી પ્રભાવિત થઈ છે. માહિતી મુજબ, યુદ્ધ જેવી સ્થિતિ સર્જાતા ૧૫૦૦થી વધુ મુસાફરોએ તેમની ફ્લાઈટ બુકિંગ રદ કરી છે. દુબઈ અને ભારત વચ્ચે ઓછું અંતર અને રજાના દિવસોને કારણે મોટી સંખ્યામાં ગુજરાતીઓ પર્યટન અને નોકરી માટે જતા હોય છે. રોજિંદી સરેરાશ ૧૬થી વધુ ફ્લાઈટો ગુજરાત અને દુબઈ વચ્ચે સંચાલિત થાય છે. હાલ તમામ ગુજરાતીઓ સુરક્ષિત હોવાનું સૂત્રોએ જણાવ્યું છે. ભારત સરકારે અનાવશ્યક પ્રવાસ ટાળવા સૂચના આપી છે, જ્યારે લોકલ ટૂર ઓપરેટર અને સંબંધિત એજન્સીઓ ફસાયેલા મુસાફરોને જરૂરી સહાય પૂરી પાડી રહી છે.

### પાકિસ્તાનમાં ભારે હિંસા : ખામેનેઈના મોત બાદ કરાચીમાં અમેરિકી દૂતાવાસ પર હુમલો, ૧૨ના મોત

ઈરાનના સુપ્રીમ લીડર આયાતુલ્લાહ અલી ખામેનેઈના ઈઝરાયલી હુમલામાં થયેલા મૃત્યુના સમાચાર બાદ પાકિસ્તાનમાં ભયાનક હિંસા ફાટી નીકળી છે. કરાચીમાં પ્રદર્શનકારીઓના ઉગ્ર ટોળાએ અમેરિકન વાણિજ્ય દૂતાવાસમાં આગચંપી કરી હતી, જેમાં અત્યાર સુધીમાં ૧૨ લોકોના મોત થયા હોવાના અહેવાલ છે. કરાચી પ્રશાસને સત્તાવાર રીતે નવ લોકોના મોતની પુષ્ટિ કરી છે. પરિસ્થિતિ એટલી હદે વણસી છે કે ઈસ્લામાબાદમાં ૫,૦૦૦ થી વધુ લોકોનું ટોળું અમેરિકન એમ્બેસી તરફ કૂચ કરી હતી. હિંસાને ડામવા માટે પાકિસ્તાન સરકારે બંધારણની કલમ ૨૪૫ હેઠળ સ્કાર્ડુમાં સેના તૈનાત કરી છે. ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં પણ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અત્યંત નાજુક છે. ઈસ્લામાબાદના રેડ ઝોનમાં પોલીસ અને દેખાવકારો વચ્ચે ભીષણ અથડામણ ચાલુ છે, જેમાં પોલીસે ભીડને કાબૂમાં લેવા ગોળીબાર કરવો પડ્યો હતો. પ્રદર્શનકારીઓમાં મહિલાઓ અને બાળકો પણ મોટી સંખ્યામાં સામેલ છે, જે 'બદલો' લેવાના સૂત્રોચ્ચાર કરી રહ્યા છે. અમેરિકી દૂતાવાસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક એડવાઈઝરી જારી કરીને પોતાના નાગરિકોને સુરક્ષિત રહેવા અને ભીડભાડવાળા વિસ્તારોથી દૂર રહેવાની સલાહ આપી છે. ઈરાની મીડિયા દ્વારા ખામેનેઈના મૃત્યુની પુષ્ટિ બાદ સમગ્ર પાકિસ્તાનમાં અમેરિકા અને ઈઝરાયેલ વિરોધી વાતાવરણ ગરમાયું છે. ઉલ્લેખનીય છે કે, અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ હુમલાઓ દ્વારા ઈરાની નેતૃત્વને ખતમ કરવાનો સંકેત આપ્યો હતો, જેની પ્રતિક્રિયા રૂપે આ હિંસા ફાટી નીકળી છે.

### ઇઝરાયેલ-ઈરાન યુદ્ધની સ્થિતિ વચ્ચે બેડમિન્ટન સ્ટાર પીવી સિંધુ દુબઈમાં ફસાઈ

મધ્ય પૂર્વમાં વણસેલી યુદ્ધની સ્થિતિ વચ્ચે ભારતની દિગ્ગજ બેડમિન્ટન ખેલાડી પીવી સિંધુ તેની ટીમ સાથે દુબઈમાં ફસાઈ હોવાના સમાચાર સામે આવ્યા છે. ઈરાન દ્વારા ગલ્ફ દેશો પર કરવામાં આવેલા મિસાઈલ અને ડ્રોન હુમલા બાદ દુબઈ સહિતના શહેરોમાં વિમાની સેવાઓ ખોરવાઈ ગઈ છે. પીવી સિંધુએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર આ ભયાનક સ્થિતિની જાણકારી શેર કરતા જણાવ્યું હતું કે, આસપાસ મિસાઈલ ઈન્ટરસેપ્શનના અવાજો સાંભળવા અને અરાજકતા જોવી ખરેખર ભયાનક છે. સિંધુએ પોસ્ટમાં લખ્યું કે, "હું હાલ મારી ટીમ સાથે સુરક્ષિત છું, પરંતુ ફ્લાઈટ્સ રદ થવાને કારણે અમે અહીં અટવાઈ ગયા છીએ. દુબઈ એરપોર્ટ પર ભારે અંધાધૂંધી છે અને અનેક પરિવારો લાચાર બની રાહ જોઈ રહ્યા છે." તેણે વધુમાં ઉમેર્યું કે દુબઈ જેવા સુરક્ષિત શહેરમાં આવી પરિસ્થિતિની કલ્પના કરવી મુશ્કેલ છે. ઉલ્લેખનીય છે કે, ઈરાને યુએઈ અને અન્ય ગલ્ફ દેશોમાં આવેલા અમેરિકી સૈન્ય મથકોને નિશાન બનાવતા સમગ્ર વિસ્તારમાં તણાવ વ્યાપી ગયો છે. સિંધુએ તમામ અસરગ્રસ્ત લોકોની સલામતી અને શાંતિ માટે પ્રાર્થના કરી છે અને ચાહકો દ્વારા કરવામાં આવી રહેલી પૂછપરછ બદલ આભાર વ્યક્ત કર્યો છે.

## ભારતીય ક્રિકેટર રિચા ઘોષનું નામ મતદાર યાદીમાં 'શંકાસ્પદ' શ્રેણીમાં મુકાતા વિવાદ

કોલકતા, તા.૦૧

ભારતીય મહિલા ક્રિકેટ ટીમની સ્ટાર ખેલાડી રિચા ઘોષનું નામ મતદાર યાદીમાં 'શંકાસ્પદ' યાદીમાં મુકાતા ચકચાર મચી છે. સિલિગુડીના વોર્ડ નંબર ૩૦ની રહેવાસી રિચાએ વર્લ્ડ કપ જીતી દેશનું ગૌરવ વધાર્યું છે, છતાં તેનું નામ માન્ય યાદીમાં નથી. રિચાના પિતાના જણાવ્યા મુજબ, જરૂરી તમામ દસ્તાવેજો અને જન્મ પ્રમાણપત્ર જમા કરાવવા છતાં



આ છબરડો થયો છે. સ્થાનિક કાઉન્સિલર મૌસુમી હાજરાએ રિચાના ઘરની મુલાકાત લઈ આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું કે, જેની પાસે પાસપોર્ટ હોય અને દેશનું પ્રતિનિધિત્વ કરતી હોય તેવી સેલિબ્રિટીનું નામ પેન્ડિંગ કેમ રાખવામાં આવ્યું? બીજી તરફ, ભાજપ પ્રદેશ પ્રમુખ સમિક ભટ્ટાચાર્યએ જણાવ્યું કે આ ચૂંટણી પંચનો મામલો છે અને દસ્તાવેજોની તપાસ બાદ પૂરક યાદીમાં સુધારો થઈ શકે છે. પશ્ચિમ બંગાળમાં અંદાજે ૬ મિલિયન મતદારોના નામ હાલ શંકાસ્પદ યાદીમાં છે, જેની ચકાસણી પ્રક્રિયા ચાલુ છે.

## પંજાબમાં જૂથવાદ ચલાવી લેવાશે નહીં, નિષ્ફળ નેતાઓને 'રિઝર્વ'માં રખાશે : રાહુલ ગાંધી


ચંડીગઢ, તા.૦૧

પંજાબના બરનાલામાં આયોજિત કોંગ્રેસની રેલીમાં રાહુલ ગાંધીએ પક્ષના આંતરિક જૂથવાદ પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે વરિષ્ઠ નેતાઓને સ્પષ્ટ સંદેશ આપ્યો કે આગામી ચૂંટણીમાં સત્તા મેળવવામાં જૂથવાદ અવરોધરૂપ બનવો જોઈએ નહીં. રાહુલે કડક શબ્દોમાં ચેતવણી આપી કે જે નેતાઓ 'ટીમ પ્લેયર' તરીકે કામ નહીં કરે તેમને અનામત (રિઝર્વ) રાખવામાં આવશે. પંજાબ કોંગ્રેસમાં હાલ સાત જેટલા નેતાઓ મુખ્યમંત્રી પદ માટે લોબિંગ કરી રહ્યા છે, ત્યારે હાઈકમાન્ડે સ્પષ્ટ કર્યું છે કે આ વખતે ચૂંટણી કોઈ પણ 'મુખ્યમંત્રીના ચહેરા' વગર લડવામાં



આવશે. બીજી તરફ, ભાજપ અને શિરોમણી અકાલી દળે આ રેલીની ટીકા કરતા જણાવ્યું કે રાહુલ ગાંધીના સંબોધનમાં પંજાબના મુખ્ય પ્રશ્નો જેવા કે ખેડૂતોની સમસ્યા અને મનરેગા કૌભાંડ ગાયબ હતા. ભાજપના નેતાઓએ આક્ષેપ કર્યો કે કોંગ્રેસ પંજાબમાં આમ આદમી પાર્ટીની 'બી-ટીમ' તરીકે કામ કરી રહી છે. સુનીલ જાખડ અને સુખબીર બાદલે પ્રતિક્રિયા આપતા કહ્યું કે, રાહુલ ગાંધીએ પોતાના નેતાઓને જાહેરમાં ઠપકો આપવો પડ્યો તે જ દર્શાવે છે કે પાર્ટી પરથી હાઈકમાન્ડનો પ્રભાવ ઓસરી રહ્યો છે. આ રેલીમાં પંજાબના વિકાસ માટે કોઈ નક્કર એજન્ડા રજૂ કરવામાં આવ્યો ન હોવાનો વિપક્ષે દાવો કર્યો છે.




## બિહારમાં કંઈક મોટું થવાનું: અમિત શાહની મુલાકાત બાદ ભાજપ પ્રમુખનો સંકેત

પટણા, તા.૦૧

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની બિહાર મુલાકાત બાદ રાજ્યના રાજકારણમાં ગરમાવો આવ્યો છે. સંજય સરાવગીએ જણાવ્યું કે ગૃહમંત્રી જ્યારે પણ બિહાર આવ્યા છે ત્યારે મોટો નિર્ણય લેવાયો છે અને આ વખતે પણ કંઈક મહત્વપૂર્ણ થવાનું છે. તેમણે સીમાંચલ વિસ્તારમાં બાંગ્લાદેશી ઘૂસણખોરી અને ગેરકાયદેસર અતિક્રમણ સામે કડક કાર્યવાહી થશે એવો સંકેત આપ્યો. કેન્દ્ર સરકાર



આતંકવાદ અને નક્સલવાદ નાબૂદ કરવા પ્રતિબદ્ધ હોવાનું તેમણે જણાવ્યું.મુલાકાત દરમિયાન કિશનગંજ, અરરિયા અને પૂર્ણિયામાં સરહદી સુરક્ષા મુદ્દે ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ. અધિકારીઓને અનિયમિતતા સામે તાત્કાલિક પગલાં લેવા નિર્દેશ આપવામાં આવ્યા છે.



**ઊર્જા રાજ્યમંત્રી કૌશિક વેકરીયાના હસ્તે ઉદ્ઘાટન, 'વોકલ ફોર લોકલ'ને મળ્યું બળ**

# અમરેલીમાં "સ્વદેશી મેળો-શોપિંગ ફેસ્ટિવલ ૨૦૨૬"નો પ્રારંભ

અમરેલી, તા.૦૧

અમરેલી નગરપાલિકા દ્વારા "હર ઘર સ્વદેશી v ઘર ઘર સ્વદેશી" અભિયાન અંતર્ગત "સ્વદેશી મેળો v શોપિંગ ફેસ્ટિવલ ૨૦૨૬"નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. મેળાનો પ્રારંભ રાજ્યના ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે થયો હતો. મંત્રીશ્રીએ પ્રદર્શનની મુલાકાત લઈ સખી મંડળ અને સ્વ સહાય જૂથોની બહેનોને શુભેચ્છા પાઠવી હતી. તેમણે જણાવ્યું કે નરેન્દ્ર મોદીના 'વોકલ ફોર લોકલ' સૂત્રને સાર્થક કરવા અને ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. આ મેળા દ્વારા સ્થાનિક ઉત્પાદકોને પોતાના શહેરમાં જ





માર્કેટિંગ માટે સશક્ત પ્લેટફોર્મ મળી રહ્યું છે. મેળામાં ૪૬ સ્ટોલની વ્યવસ્થા કરવામાં આવી છે. તા. ૦૧થી ૧૦ માર્ચ સુધી સિનિયર સિટિઝન પાર્ક, સેન્ટર પોઈન્ટ, અમરેલી ખાતે રોજ સવારે ૧૦થી રાત્રે ૧૦ વાગ્યા સુધી મેળો યોજાશે. સ્થાનિક હસ્તકલા, કપડાં અને ઘરગથ્થુ વસ્તુઓનું પ્રદર્શન-વેચાણ થશે. નગરપાલિકાએ નાગરિકોને ઉપસ્થિત રહી સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા અનુરોધ કર્યો છે. આ તકે નગરપાલિકાના પ્રમુખ બીપીનભાઈ લીંબાણી, કારોબારી ચેરમેન મનિષભાઈ ધરજીરીયા, રાકેશભાઈ સાવલીયા, મેહુલભાઈ ધોરાજીયા, હરીભાઈ કાબરીયા, સંજયભાઈ રામાણી, સંજયભાઈ માલવીયા સહિત મોટી સંખ્યામાં નગરપાલિકાના સદસ્યો અને શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા. આ મેળા દ્વારા સખી મંડળ અને સ્વસહાય જુથના બહેનો દ્વારા ઉત્પાદિત અને વેચાણ કરવામાં આવતી વસ્તુઓનું માર્કેટીગ થશે.

# અમરેલીમાં લાઠી રોડ પર વિરાટ હિન્દુ સંમેલન યોજાયું

અમરેલી, તા.૦૧

અમરેલી શહેરમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ૧૦૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે ભવ્ય વિરાટ હિન્દુ સંમેલન યોજાયું હતું. સમગ્ર દેશભરમાં ચાલી રહેલા હિન્દુ સંમેલનોના ભાગરૂપે લાઠી રોડ પર આવેલા વીર હમીરજી ગોહિલ વિસ્તારમાં, ધૃષ્મેશ્વર મહાદેવ મંદિર, ધરનગર ખાતે 'વીર હમીરજી



ગોહિલ હિન્દુ સંમેલન કમિટી' દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કમિટીના સચિવ અંકુર નવનીતરાય માવદિયાએ જણાવ્યું કે સંમેલનનો હેતુ સમાજમાં હિન્દુત્વ અને સામાજિક સમરસતાનો ભાવ મજબૂત બનાવવાનો છે. સાથે પર્યાવરણ રક્ષા અને સામાજિક કર્તવ્યો પ્રત્યે જાગૃતિ લાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં અનેક સંતો-મહંતોએ ઉપસ્થિત રહી આશીર્વચન આપ્યા હતા. આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં હિન્દુ ભાઈ-બહેનો જોડાતા સમગ્ર કાર્યક્રમ એકતા અને સૌહાર્દના માહોલમાં સફળ રહ્યો હતો.

# સાવરકુંડલામાં રૂ.૧૧૪ લાખના ખર્ચે નવા સીસી રોડનું ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે ખાતમુહૂર્ત

સાવરકુંડલા, તા.૦૧

સાવરકુંડલા શહેરમાં વિકાસના કાર્યોને વેગ આપતા સ્વર્ણિમ મુખ્યમંત્રી શહેર વિકાસ યોજના (UDP 88) અંતર્ગત અંદાજિત રૂ.૧૧૪ લાખના ખર્ચે નવા સીસી રોડના નિર્માણનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ



કસવાલાના હસ્તે આ વિકાસ કાર્યની વિધિવત શરૂઆત કરવામાં આવી હતી. આ પ્રોજેક્ટ હેઠળ શહેરના પોલીસ સ્ટેશનથી જૂના બસ સ્ટેન્ડ થઈ નાવલી બ્રિજ સુધી ૫૦૦ મીટરની લંબાઈ અને ૧૧ મીટરની પહોળાઈ ધરાવતો સીસી રોડ બનાવવામાં આવશે. આ ખાતમુહૂર્ત પ્રસંગે સાવરકુંડલા નગરપાલિકાના પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, ઉપ-પ્રમુખ પ્રતિકભાઈ નાકરાણી, ચીફ ઓફિસર સાવનભાઈ રતાણી સહિત નગરપાલિકાનો સ્ટાફ હાજર રહ્યો હતો.

**સંસ્કાર સિંચન અને સકારાત્મક ઊર્જા માટે પ્રમુખ વસંતભાઈ ગજેરાના માર્ગદર્શન હેઠળ પ્રેરણાદાયી આયોજન**

# ગજેરા કેમ્પસ-વિદ્યાસભામાં જન્મદિવસે શાસ્ત્રોક્ત યજ્ઞવિધિની અનોખી પહેલ

અમરેલી, તા.૦૧

શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ-વિદ્યાસભા સંચાલિત શાળાઓમાં શિક્ષણ સાથે સંસ્કારોનું સિંચન થાય તેવા હેતુથી એક પ્રેરણાદાયી પહેલ હાથ ધરવામાં આવી છે. સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાના માર્ગદર્શન હેઠળ હવે વિદ્યાર્થીઓ પોતાનો જન્મદિવસ યજ્ઞશાળામાં પવિત્ર શાસ્ત્રોક્ત વિધિ



અને આહુતિ આપીને ઉજવશે. આ યજ્ઞશાળા માત્ર ધાર્મિક વિધિ નથી, પરંતુ વિદ્યાર્થીઓમાં સકારાત્મક ઊર્જા, માનસિક શાંતિ અને આત્મબળ વધારવાનું કેન્દ્ર બનશે. શૈક્ષણિક પ્રવૃત્તિમાં વિઘ્ન ન આવે તે માટે વિદ્યાર્થીઓ અભ્યાસ પછીના સમયમાં આ વિધિમાં ભાગ લઈ શકશે. મંત્રોચ્ચાર સાથે વિદ્યાર્થીઓ પોતાના ઉજ્જવળ ભવિષ્ય અને તંદુરસ્તી માટે પ્રાર્થના કરશે. પશ્ચિમી સંસ્કૃતિના બદલે પરંપરાગત મૂલ્યો અપનાવવાની આ પહેલને વાલીઓએ પણ બિરદાવી છે. આ યજ્ઞશાળાનો શુભારંભ મેનેજિંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરાના હસ્તે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે મંત્રી ચતુરભાઈ ખૂંટ, કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી તેમજ સ્કૂલ અને હોસ્ટેલનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. આ નવી પરંપરાથી બાળકોમાં નાનપણથી જ ભારતીય સંસ્કૃતિ પ્રત્યે આદર અને આધ્યાત્મિક ભાવના વિકસશે તેમ વિદ્યાસભાની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# બાબરાના ગળકોટડી પ્રાથમિક શાળામાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી

બાબરા, તા.૦૧

બાબરા તાલુકાની ગળકોટડી પ્રાથમિક શાળામાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ઉત્સાહભેર ઉજવાયો હતો. કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રત્યે રસ અને જિજ્ઞાસા વધારવાનો હતો. વિદ્યાર્થીઓએ વિવિધ મોડેલ અને પ્રદર્શન દ્વારા દૈનિક જીવનમાં વિજ્ઞાનની ઉપયોગિતા રજૂ કરી, જેને ગ્રામજનોનો સારો પ્રતિસાદ મળ્યો. વિજ્ઞાન શિક્ષિકા વૈશાલીબેન



જાવિયાના માર્ગદર્શન હેઠળ ક્વિઝ સ્પર્ધા યોજાઈ, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. સી.આર.સી. કો-ઓર્ડિનેટર સંજયભાઈ વસાણીએ વિજેતાઓને પુરસ્કાર આપ્યા. બી.આર.સી.ના પંકજભાઈ સોલંકીએ પ્રેરણાદાયી સંદેશ આપ્યો. આચાર્ય ડૉ. પ્રકાશભાઈ દવેએ વિજ્ઞાનના મહત્વ પર માર્ગદર્શન આપ્યું હતું.

# ચલાલામાં સાંસદ અને ધારાસભ્યની ઉપસ્થિતિમાં 'સ્વદેશી મેળા'નો ભવ્ય પ્રારંભ

બાબરા, તા.૦૧

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગુજરાત શહેરી આજીવિકા મિશન તેમજ ચલાલા નગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે ખાંભા રોડ સ્થિત માર્કેટિંગ યાર્ડ ખાતે 'સ્વદેશી મેળા'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ મેળાનું વિધિવત ઉદ્ઘાટન લઘુમહંત મહાવીર બાપુ (દાનબાપુની જગ્યા)



ના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય જે.વી. કાકડીયા, ગાયત્રી સંસ્કારધામના મહેશભાઈ મહેતા, મહંત મયૂરબાપુ અને નગરપાલિકા પ્રમુખ ભૂમિબેન વાળા સહિતના અનેક અગ્રણીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં નગરપાલિકાના હોદ્દેદારો અને કર્મચારીઓ દ્વારા મહાનુભાવોનું ફૂલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું. મહાવીર બાપુ અને ધારાસભ્ય જે.વી. કાકડીયાએ પ્રાસંગિક ઉદબોધન આપી 'વોકલ ફોર લોકલ' અભિયાનને બિરદાવ્યું હતું.

# કૌશિક વેકરીયાના હસ્તે દેવગામમાં રૂ. ૭૮ લાખના પાણી પુરવઠા વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત

અમરેલી, તા.૦૧

અમરેલી જિલ્લાના કુંકાવાવ તાલુકાના દેવગામ ખાતે આશરે રૂ. ૭૮ લાખના પાણી પુરવઠા વિભાગના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે કરવામાં આવ્યું. યોજનામાં ૨.૫ લાખ લિટર ક્ષમતાની ઊંચી ટાંકી, ૫ લાખ લિટરનો સંપ, પંપ



હાઉસ, ક્લોરીન રૂમ, કમ્પાઉન્ડ વોલ અને જરૂરી મશીનરીનો સમાવેશ થાય છે. મંત્રીએ કોન્ટ્રાક્ટરને ગુણવત્તાયુક્ત અને સમયમર્યાદામાં કામ પૂર્ણ કરવાની સૂચના આપી. જલ જીવન મિશન અંતર્ગત આ યોજના પૂર્ણ થતાં દેવગામ, માયાપાદર અને સારંગપુર ગામોને શુદ્ધ પાણીનો લાભ મળશે.આ કાર્યક્રમમાં સ્થાનિક સરપંચ, મેહુલભાઈ ધોરાજીયા, વનરાજભાઈ કોઠીવાળ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧૧ || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...



YJ યમુના જ્વેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
શ્રી હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

**અમરેલી પિતા-પુત્રી આપઘાત કેસમાં નવો વળાંક**

# સુસાઈડ નોટના આધારે પત્ની સહિત સાત સામે ગુનો નોંધાયો, કૂવામાં મોબાઈલ શોધવાની કામગીરી કરાઈ

અમરેલી, તા.૦૧



ગિરિયા નજીક ચાર દિવસ પૂર્વે કૂવામાંથી પિતા દીપકભાઈ રામાણી અને તેમની ૧૨ વર્ષની પુત્રી રિવાના મૃતદેહ મળ્યા બાદ કેસમાં નવો વળાંક આવ્યો છે. પરિવારજનોએ મૃતક દ્વારા લખાયેલી સુસાઈડ નોટ પોલીસને સોંપતા ચોંકાવનારા ખુલાસા થયા છે. ફરિયાદ અનુસાર આરોપીઓના ત્રાસથી કંટાળીને દીપકભાઈએ પોતાની વાડીના ખેતરમાં દીકરી સાથે કૂવામાં ઝંપલાવ્યું હતું. આ અંગે દીપકભાઈના ભાઈ હિતેશભાઈ બાબુભાઈ રામાણીએ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે પત્ની સહિત સાત આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે. મૃતકે સુસાઈડ નોટ સાથે પોતાનો મોબાઈલ પણ કૂવામાં ફેંક્યો હોવાની માહિતી મળતાં પોલીસ ફાયર વિભાગની મદદથી ૫૦ ફૂટ ઊંડા કૂવામાં શોધખોળ કરી રહી છે. મોબાઈલમાંથી મહત્વના પુરાવા મળવાની શક્યતા હોવાથી તપાસ વધુ ગહન બનાવાઈ છે.

# અમરેલી LCBએ ઘરફોડ ચોરીના ગુનામાં બે વર્ષથી નાસતા લિસ્ટેડ આરોપીને મધ્યપ્રદેશથી દબોચ્યો

અમરેલી, તા.૦૧



ભાવનગર રેન્જ આઈ.જી. ગૌતમ પરમાર અને અમરેલી એસ.પી. સંજય ખરાત દ્વારા નાસતા-ફરતા આરોપીઓને પકડવા મળેલી સૂચના અન્વયે અમરેલી એલ.સી.બી. (LCB) ટીમે મોટી સફળતા મેળવી છે. સાવરકુંડલા ટાઉન અને જૂનાગઢના વંથલી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ઘરફોડ ચોરીના ગુનાઓમાં છેલ્લા બે વર્ષથી પોલીસને થાપ આપી રહેલા લિસ્ટેડ આરોપી જીતેન્દ્ર ઉર્ફે જીતેન શંકર મહેડાને મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લામાંથી ઝડપી પાડવામાં આવ્યો છે. પી.આઈ. એ.ડી. ચાવડાના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. ટીમે ટેકનિકલ સોર્સ અને ચોક્કસ બાતમીના આધારે મધ્યપ્રદેશના છોટી જામલી ગામ ખાતે દરોડો પાડી આરોપીની ધરપકડ કરી હતી. આરોપી પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા નાસતો ફરતો હતો. હાલ પોલીસ દ્વારા તેનો કબજો મેળવી સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનને સોંપવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

# રાજુલા પોલીસે હિંડોરણા ગામે ટ્રકમાંથી વાયર ચોરતી બે મહિલાઓને ગણતરીના કલાકોમાં દબોચી

રાજુલા, તા.૦૧



ભાવનગર રેન્જ આઈ.જી. અને અમરેલી પોલીસ અધિક્ષકની મિલ્કત સંબંધી ગુનાઓ ઉકેલવાની સૂચના અન્વયે રાજુલા પોલીસે પ્રશંસનીય કામગીરી કરી છે. રાજુલાના હિંડોરણા ગામે આવેલા ત્રણ અલગ-અલગ ગેરેજમાં રાખેલા ટ્રકમાંથી બેટરીથી સેલેપ સુધીના કોપર વાયરની ચોરી થઈ હતી. અંદાજે રૂ.૧૫,૦૦૦ની કિંમતના ૩૦ ફૂટ વાયરની ચોરી અંગે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૩૦૩(૨) હેઠળ ગુનો નોંધાયો હતો. પોલીસ ઈન્સ્પેક્ટર વી.એમ. કોલાદરાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડ અને હિંડોરણા બીટની ટીમે સીસીટીવી ફૂટેજ તથા ટેકનિકલ સોર્સની મદદથી તપાસ હાથ ધરી હતી. ગણતરીના કલાકોમાં જ ચોરી કરનાર બે મહિલાઓ, મનીષાબેન ચુડાસમા અને નીતાબેન સોરઠીયા (રહે. છતડીયા)ને પકડી પાડવામાં આવી હતી. પોલીસે તેમની પાસેથી ૧૦૦ ટકા મુદ્દામાલ રિકવર કરી વણશોધાયેલ ગુનાનો ભેદ ઉકેલ્યો છે. આ કામગીરીમાં પીએસઆઈ એમ. એફ. ચૌહાણ અને સ્ટાફ જોડાયો હતો.

# જાફરાબાદના નાગેશ્રીમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના હસ્તે લોકાર્પણ

જાફરાબાદ, તા.૦૧



તસવીર : બાબુભાઈ વાઢેળ

જાફરાબાદ તાલુકાના નાગેશ્રી ગામે ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના હસ્તે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરાયું હતું. આ તકે ભાજપના આગેવાનો તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારમાંથી સરપંચો અને નાગેશ્રીના ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર એક કરોડ અને ૩૦ લાખના ખર્ચે બનાવવામાં આવ્યું છે. ઘણા સમયથી આ પ્રશ્ન પડતર હોય જેથી સરકાર દ્વારા આ પ્રશ્ન ધ્યાને રાખી તાત્કાલિક મંજૂર કરાવી અને કેન્દ્ર બનાવવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન કરસનભાઈ ભીલ, ચેતનભાઈ શિયાળ, ભાવેશભાઈ સોલંકી, બાલાભાઈ કોટડીયા, અનિરુદ્ધભાઈ વાળા, કરસનભાઈ પરમાર, નાગેશ્રી સરપંચ નરેન્દ્રભાઈ વરુ, કડીયાળી સરપંચ સવજીભાઈ મકવાણા, મનુભાઈ વાંઝા, દિલુભાઈ વરુ સહિત પદાધિકારીઓ, અધિકારીઓ, ઉપસ્થિત રહ્યા હતા.

# જુનાગઢ હસ્તગીરી એસટી બસ સાવરકુંડલા, વંડા, ફિફાદ રૂટ પર ચલાવવા રજૂઆત

સાવરકુંડલા, તા.૦૧



જુનાગઢ એસટી ડેપો દ્વારા ચલાવવામાં આવતી જુનાગઢ હસ્તગીરી બસ અગાઉ સાવરકુંડલા, વંડા, જેસર થઈ ચલાવવામાં આવતી પરંતુ કોઈ કારણોસર તે બસ સાવરકુંડલા, ભુવા, જુનાસાવર, ગારીયાધાર થઈ ચલાવવામાં આવે છે. જુનાગઢ ડેપો દ્વારા સવારે જુનાગઢ હસ્તગીરી તથા જુનાગઢ ગારીયાધાર એક જ સમયે એક જ રૂટ પર ગારીયાધાર સુધી ચાલે છે. તેમજ ચલાલાથી ચલાલા ગારીયાધાર એ જ રૂટ પર ચાલે છે. આ બસને સાવરકુંડલા મોટા ઝીંઝુડા, નાના ઝીંઝુડા, પીઠવડી સેંજળ, મેવાસા, પાટી, ફીફાદ લુવારા, ઠાસા, ખોડવદરી, નવાગામ, ગારીયાધાર થઈ ચલાવવામાં આવે તો નવા ૧૫ ગામોની એટલા જ કિલોમીટરથી જુનાગઢ આવવા માટે સુવિધા મળે એમ છે. તો આ બસ વહેલી તકે આ રૂટ ઉપર ચલાવવા માટેની રજૂઆત મધુભાઈ ગજેરાએ જુનાગઢ એસટીના વિભાગીય નિયામકને કરી હતી.

# સીઆર પાટીલ સહિતના આગેવાનો નિલેશ કુંભાણીની ફેક્ટરીની શુભેચ્છા મુલાકાતે

બાબરા, તા.૦૧



સુરતના ઉદ્યોગપતિ અને રાજુલાના રહેવાસી નિલેશભાઈ કુંભાણીની ફેક્ટરી ખાતે આજે અગત્યની શુભેચ્છા મુલાકાત યોજાઈ હતી, જેમાં દેશ-રાજ્યના અગ્રણી નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ મુલાકાતમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી સીઆર પાટીલ, ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, રાજ્યકક્ષાના મંત્રી કૌશિકભાઈ વેકરીયા, અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય જેવી કાકડીયા, મહેશભાઈ કસવાલા, હીરાભાઈ સોલંકી અમરેલી જિલ્લા પ્રમુખ અતુલભાઈ કાનાણી, માર્કેટિંગ યાર્ડના ચેરમેન રાજુભાઈ પડસાળા, ગુજરાત માર્કેટિંગ યાર્ડના પ્રમુખ જીગ્નેશભાઈ પટેલ સહિતના આગેવાનો હાજર રહ્યા હતા. મુલાકાત દરમિયાન આગેવાનોએ ફેક્ટરીના કાર્ય, ઉત્પાદન પ્રક્રિયા અને ભવિષ્યની યોજનાઓ અંગે વિગતવાર માહિતી મેળવી અને માર્ગદર્શન આપ્યું હતું. ઉદ્યોગ વિકાસ, રોજગાર સર્જન અને પ્રદેશના આર્થિક વિકાસ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. સીઆર પાટીલની આ મુલાકાતને પગલે રાજુલા અને સુરતના રાજકીય વર્તુળોમાં ચર્ચા અને રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો. આ મુલાકાતને સ્થાનિક સ્તરે મહત્વપૂર્ણ રાજકીય સંકેત તરીકે જોવામાં આવી રહી છે.

# અવસાન નોંધ

**લાઠી**

સ્વ. શારદાબેન રાવતભાઇ ડેર (ઉં.વ.૫૯)નું તા.૨૮/૦૨/૨૦૨૬ના રોજ રામચરણ પામેલ છે. તે રાવતભાઈ ગોવિંદભાઈ ડેર નિવૃત્ (એએસઆઇ)ના ધર્મપત્ની થાય અને સ્વ. પરેશ રાવતભાઇ ડેરના મમ્મી તે રાહુલ રાવતભાઈ ડેરના મમ્મી થાય તથા અમિત એ. ડેરના અને કેવલ એ. ડેરના મોટા બા થાય છે.

**અમરેલી**

બંસીભાઈ દિનેશભાઈ ભટ્ટ (એડવોકેટ) (ઉ.વ.૨૪)નું તા. ૨૮/૦૨/૨૬ના રોજ અવસાન થયેલ છે. તે મુકુન્દરાય હીરજીભાઈ ભટ્ટના પૌત્ર તેમજ દિનેશભાઈ મુકુન્દરાય ભટ્ટ (એડવોકેટ) ના પુત્ર તથા ડો.ભવનેશભાઈ ડી. ભટ્ટના નાનાભાઈ થાય છે. સદ્‌ગતનું બેસણું તા.૦૨/૦૩/૨૬ના રોજ સાંજે ૪:૦૦થી ૬:૦૦ કલાકે શશાંક મહાજન પાર્ટી પ્લોટ, સ્ટેશન રોડ અમરેલી ખાતે રાખેલ છે.

**રાજકોટ**

વિજયસિંહ જયેન્દ્રસિંહ ઝાલા (ઉ.વ.૫૬) મૂળ ગામ ઘીયાવડ, હાલ રાજકોટ તે અજયરાજસિંહ વિજયસિંહ ઝાલા, મિતરાજસિંહ વિજયસિંહ ઝાલાના પિતાનું તા. ૨૭ના અવસાન થયું છે. બેસણું તા. ૨ને સોમવારે સાંજે ૪ થી ૬ કલાકે, તેમના નિવાસસ્થાન 'શક્તિ કૃપા', ઓમકાર રેસિડેન્સી-૧, પ્લોટ નંબર-૪, લીંબુડીવાડી મેઈન રોડ, કાલાવડ રોડની બાજુમાં, રાજકોટ ખાતે રાખેલ છે.

# ગજેરા કેમ્પસ-વિદ્યાસભામાં 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ'ની ભવ્ય ઉજવણી: વિદ્યાર્થીઓએ રજૂ કર્યા અવનવા મોડેલ્સ

અમરેલી, તા.૦૧



ભારતના મહાન વૈજ્ઞાનિક સી.વી. રમણ દ્વારા કરવામાં આવેલી 'રમણ ઈફેક્ટ'ની ઐતિહાસિક શોધની યાદમાં દર વર્ષે ૨૮ ફેબ્રુઆરીએ ઉજવાતા 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ'ની ગજેરા કેમ્પસ–વિદ્યાસભા ખાતે ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિકસે તે હેતુથી જ્ઞાન, પ્રયોગ અને સંશોધન આધારિત વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલ નવીન વૈજ્ઞાનિક પ્રોજેક્ટ્સ અને મોડેલ્સનું પ્રદર્શન યોજાયું હતું. જેમાં પર્યાવરણ સંરક્ષણ, રિન્યુએબલ એનર્જી, ડિજિટલ ટેક્નોલોજી અને દૈનિક જીવનમાં વિજ્ઞાનના ઉપયોગ જેવા વિષયો પર વિદ્યાર્થીઓએ આત્મવિશ્વાસપૂર્વક રજૂઆતો કરી હતી. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાએ જણાવ્યું હતું કે, નવી પેઢીમાં સંશોધન અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણનો સંકલ્પ જ વિજ્ઞાનની પ્રગતિનો પાયો છે. કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ વિજ્ઞાનને વિચારવાની પદ્ધતિ ગણાવી વિદ્યાર્થીઓના પ્રયાસોને બિરદાવ્યા હતા. આ પ્રસંગે ઈસરો (SAC-ISRO) અને ગુજકોસ્ટ (GUJCOST) દ્વારા આયોજિત સ્પેસ સાયન્સ પ્રોગ્રામમાં પસંદગી પામેલ વિદ્યાર્થીઓ ગુણા આયુષ અને ભૂકન અનિરુદ્ધની સિદ્ધિની પણ નોંધ લેવામાં આવી હતી. કાર્યક્રમના અંતે શ્રેષ્ઠ પ્રોજેક્ટ્સ રજૂ કરનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને સ્મૃતિચિહ્ન આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં મેનેજિંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ અને મનસુખભાઈ ધાનાણી સહિતના મહાનુભાવોએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી તેમ વિદ્યાસભાની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જુના માલકનેશ ગામેથી ૧૫ લીટર દેશી દારૂ પકડાયો

અમરેલી, તા.૦૧

અમરેલી જિલ્લામાં પોલીસે બે સ્થળેથી ૧૬ લીટર દેશી દારૂ જપ્ત કર્યો હતો. ખાંભાના જુના માલકનેશ ગામેથી ૧૫ લીટર તથા શીયાળ બેટ ગામેથી એક લીટર દેશી દારૂ મળી આવ્યો હતો. રાજુલામાંથી ૩, જુના માલકનેશ ગામેથી ૩ સહિત જિલ્લામાંથી કુલ ૧૬ પ્યાસી પકડાયા હતા.


BLUE BUDDHA
Shopping With us can be very rewarding
END OF SEASON SALE
BUY 1 GET 1 FREE
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
મનિષ વાકોતર
વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in
નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.

TET / TAT / CCE
કોન્સ્ટેબલ / PSI
સ્પોકન ઇંગ્લિશ
નવી બેચમાં પ્રવેશ શરૂ...
માસિક ફી : Rs.1000/-
ઓજસ કલાસીસ - અમરેલી
દિપક ભટ્ટ - મો. ૯૮૭૯૭ ૬૯૪૫૧


**નામ બદલાવેલ છે**

આથી અમો નીચે સહી કરનાર જબ્બારભાઈ ઉસ્માન અંગારીયા જાહેર કરૂ છુ કે મેં મારૂ નામ ભાડેલા જબર ઉસ્મા બદલાવીને જબ્બારભાઈ ઉસ્માન અંગારીયા રાખેલ છે અને હવે પછી હું મારૂ નામ જબ્બારભાઈ ઉસ્માન અંગારીયા તરીકે ઓળખાઈશ.

સહી : જબ્બારભાઈ ઉસ્માન અંગારીયા
સરનામું : લમઈટ હાઉસ રોડ, મફત પ્લોટ, મું.જાફરાબાદ, તા. જાફરાબાદ-જી.અમરેલી, પીન ૩૬૫૫૪૦


GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો
ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

**૧૦ મહિના પહેલા લગ્ન થયા હતા**

# ખાંભાના નીગાળા-૨ ગામે સગર્ભાનો આપઘાતનો પ્રયાસ

**ખાંભાના નીગાળા-૨ ગામે સગર્ભાનો આપઘાતનો પ્રયાસ**

ખાંભા, તા.૧

ખાંભા તાલુકાના નીંગાળા-૨ ગામે ખેતમજૂરી અર્થે આવેલા એક શ્રમિક પરિવારમાં કરુણ ઘટના બની હતી. ગર્ભવતી પરિણીતાને પોતાના વતનની યાદ આવતા અને પતિએ કામ પૂરું થયા પછી જવાનું કહેતા, માઠું લાગી આવવાથી પરિણીતાએ ઝેરી દવા ગટગટાવી લેતા ચકચાર મચી જવા પામી હતી. આ અંગે મૂળ મધ્ય પ્રદેશના અલીરાજપુરના અને હાલ જામકા ગામે રહેતા મનિષભાઈ તેરસીંગ ઈતનીયા રાઠવા (ઉ.વ.૨૫)એ જાહેર કર્યા મુજબ, મૂળ મહારાષ્ટ્રના નંદુરબારના અને હાલ ખાંભાના નીંગાળા-૨ ગામે રહેતા સંગીતાબેન દિવ્યેશભાઈ પાવરા (ઉ.વ.૨૦)ના લગ્ન હજુ દસ મહિના પહેલા જ થયા હતા. લગ્ન બાદ તે પોતાના પતિ સાથે ખેતમજૂરીના કામ માટે નીંગાળા-૨ ગામે આવી હતી. તેણી હાલ ગર્ભવતી હોવાથી તેને અહીં ગમતું નહોતું અને સતત પોતાના માતા-પિતા અને વતનની યાદ આવતી હતી. આથી તેણે તેના પતિ પાસે વતનમાં પરત જવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. પતિએ જણાવ્યું હતું કે, અત્યારે ચણા વાઢવાનું કામ ચાલુ છે, જે પૂર્ણ થયા બાદ તેઓ વતન પરત જશે. પતિના આ જવાબથી માઠું લાગી આવતા પરિણીતાએ આવેશમાં આવીને ખેતરમાં ઘાસમાં છાંટવાની ઝેરી દવા પી લીધી હતી. ઘટનાની જાણ થતા જ તેને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી કે પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

# હિરાણામાં કાળુભાર નદી પર રૂ.૫૨ લાખના ખર્ચે ચેકડેમ રિપેરિંગનું ખાતમુહૂર્ત

લાઠી, તા.૦૧

લાઠીના હિરાણા ગામે કાળુભાર નદી પર આવેલ ચેકડેમના રિપેરિંગ અને મજબૂતીકરણના કામનો શુભ પ્રારંભ કરવામાં આવ્યો હતો. ધારાસભ્ય જનક તળાવિયાના હસ્તે રૂ. ૫૨ લાખના ખર્ચે આ મહત્વપૂર્ણ વિકાસ કાર્યનું વિધિવત ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય જનક



તળાવિયાએ જણાવ્યું હતું કે, કાળુભાર નદી પરનો આ ચેકડેમ વર્ષો જૂનો હોવાથી તેમાં ક્ષતિઓ ઊભી થઈ હતી અને પાણી સંગ્રહ ક્ષમતા ઘટી ગઈ હતી. હવે રૂ.૫૨ લાખના ખર્ચે લીકેજ નિયંત્રણ અને જરૂરી રિપેરિંગ કરવામાં આવશે, જેનાથી વરસાદી પાણીનો સંગ્રહ વધશે અને ખેડૂતોને રવી તેમજ ઉનાળુ પાક માટે પૂરતું પાણી મળી રહેશે. કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના સદસ્ય પ્રતિનિધિ જીતુભાઈ ડેર, તાલુકા પંચાયતના સભ્યો, સરપંચ, ગ્રામીણ આગેવાનો અને મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# વડિયાના મેઘા પીપળીયા ગામે ઝેરી મધમાખી કરડતાં આધેડનું મોત

**સારવાર અર્થે હોસ્પિટલ લઈ જતી વખતે રસ્તામાં છાતીમાં અચાનક દુખાવો થતાં મરણ પામ્યા હતા**

વડિયા, તા.૧

વડિયાના મેઘા પીપળીયા ગામે ઝેરી મધમાખી કરડવાથી આધેડનું મોત થયું હતું. આ અંગે મૂળ પોરબંદરના રાણાવાવના અને હાલ મેઘા પીપળીયા ગામે રહેતા જીતેન્દ્રભાઈ પ્રેમજીભાઈ મકવાણા (ઉ.વ.૩૫)એ જાહેર કર્યા મુજબ, તેમના પિતા પ્રેમજીભાઈ વાઘાભાઈ મકવાણા (ઉ.વ.૫૫)ને ઝેરી મધમાખી કરડી જતાં દુખાવો થતો હતો. જેથી સારવાર અર્થે હોસ્પિટલ લઈ જતી વખતે રસ્તામાં છાતીમાં અચાનક દુખાવો થતાં મરણ પામ્યા હતા. વડિયા પોલીસ સ્ટેશનના એએસઆઈ એ એમ કાછેલા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલા સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ'ની ભવ્ય ઉજવણી

સાવરકુંડલા, તા.૧

સાવરકુંડલા શહેરના જેસર રોડ પર સ્થિત સ્વામિનારાયણ ગુરુકુળ સંચાલિત સહજાનંદ પ્રાથમિક વિદ્યાલય અને સ્વામિનારાયણ વિદ્યાલયમાં ૨૮ ફેબ્રુઆરી 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ' નિમિત્તે એક ભવ્ય વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આજના આધુનિક વિજ્ઞાન યુગમાં થઈ રહેલી




નવીનતમ શોધોથી વિદ્યાર્થીઓ અવગત થાય અને તેમની વૈજ્ઞાનિક સૂઝબૂઝ ખીલે તે હેતુથી આ કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રદર્શનમાં ધોરણ પાંચથી નવના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓ દ્વારા વિજ્ઞાનના વિવિધ સિદ્ધાંતો પર આધારિત આકર્ષક અને નવીન મોડેલો તૈયાર કરવામાં આવ્યા હતા. આ મોડેલો દ્વારા વિદ્યાર્થીઓએ પર્યાવરણ જાળવણી, ટેકનોલોજીનો ઉપયોગ અને રોજિંદા જીવનમાં વિજ્ઞાનનું મહત્વ ખૂબ જ સુંદર રીતે સમજાવ્યું હતું. મુલાકાતીઓએ વિદ્યાર્થીઓની રજૂઆત અને તેમની મહેનતને ખૂબ જ બિરદાવી હતી.

# સાવરકુંડલાની કબીર ટેકરી ખાતે સાહિત્ય ગોષ્ઠીનું આયોજન

સાવરકુંડલા, તા.૦૧



સાવરકુંડલાની પવિત્ર કબીર ટેકરી ખાતે વિશેષ સાહિત્ય ગોષ્ઠી યોજાઈ હતી. ગોષ્ઠીનો હેતુ ટેકરીના ઐતિહાસિક અને આધ્યાત્મિક મહિમાને પુસ્તકરૂપે દસ્તાવેજી બનાવવા વિચાર-વિમર્શ કરવાનો હતો. આ પ્રસંગે મહંતશ્રી નારાયણદાસના સાનિધ્યમાં વિદ્વાનો અને સાહિત્યકારોએ ટેકરીની સંત પરંપરા, લોકમાન્યતાઓ અને સાંસ્કૃતિક વારસાને સંકલિત કરવાની ચર્ચા કરી હતી. આ ગોષ્ઠીમાં સાહિત્ય જગતના અગ્રણીઓ જેવાકે વાસુદેવભાઈ સોઢા, રવજીભાઈ કાચા, નાનાભાઈ ત્રિવેદી, સુધીરભાઈ મહેતા અને અન્ય નામી-અનામી સાહિત્યપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પોક્સો સહિતના ૫ ગુનામાં નાસતા ફરતા આરોપીને સાવરકુંડલા ટાઉન પોલીસે દબોચ્યો

**સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશન દ્વારા વધુ તપાસ હાથ ધરાઈ**

અમરેલી, તા.૧

સાવરકુંડલા ટાઉન પોલીસ પોક્સો, અપહરણ જેવા ગુનામાં નાસતા ફરતા આરોપીને ઝડપી પાડ્યો હતો. મૂળ મહુવાના ગોરસ ગામના અને હાલ સુરતના કતારગામ આરોપી અજીતભાઈ સામતભાઈ પરમાર (ઉ.વ.૨૬) સામે સાવકુંડલા ટાઉન પોલીસ,લીલીયા, વડોદરા, મહારાષ્ટ્રમાં ગુના નોંધાયેલા હતા. આરોપીને ટેક્નીકલ અને હ્યુમન સોર્સના આધારે સુરત ખાતેથી ભોગ બનનાર સાથે ઝડપીને ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી હતી. અમરેલી એસપીએ આપેલા માર્ગદર્શન હેઠળ સાવરકુંડલા ડિવિઝનના ઈન્ચાર્જ મદદનીશ પોલીસ અધિક્ષક જયવીર ગઢવીની સૂચનાથી આ કામગીરી કરવામાં આવી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના પીઆઈ સી એસ કુગસીયા, એએસઆઈ જીજ્ઞેશભાઈ અમરેલીયા, હમીરભાઈ કામળીયા, હેડ કોન્સ્ટેબલ નાગભાઈ કીકર, લલીતાભાઈ હેલૈયા, પોલીસ કોન્સ્ટેબલ જયપાલસિંહ ગોહિલ તથા ભરતભાઈ શીરોલીયા દ્વારા કરવામાં આવી હતી.

**અલ્ટ્રાટેક સિમેન્ટને ફાળવાયેલી સરકારી જમીન પર ગેરકાયદે કબજો કર્યો હતો**

# જાફરાબાદના બાબરકોટ ગામે જમીનમાં વાવેતર કરી આર્થિક ઉપજ મેળવ્યાની ૩ ફરિયાદ

જાફરાબાદ, તા.૧

જાફરાબાદ તાલુકાના બાબરકોટ ગામે કંપનીને ફાળવવામાં આવેલી કરોડોની કિંમતની જમીન પર વર્ષોથી ગેરકાયદે કબજો જમાવી બેઠેલા તત્વો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ઔદ્યોગિક હેતુ માટે ફાળવાયેલી આ જમીન પર ખેતી કરી આર્થિક લાભ મેળવતા શખ્સો સામે ગુનો નોંધાયો હતો.

વીરાભાઈ જીણાભાઈ સાંખટ, ભીમાભાઈ જીણાભાઈ સાંખટ, રણછોડભાઈ વીરાભાઈ સાંખટ, જીવનભાઈ વીરાભાઈ સાંખટ, ચંદુભાઈ ભીમાભાઈ સાંખટ, ખોડાભાઈ ભીમાભાઈ સાંખટ, ધનજીભાઈ ભીમાભાઈ સાંખટ, રામભાઈ ભગાભાઈ સાંખટ, હકાભાઈ ભગાભાઈ સાંખટ, ભોળાભાઈ ભગાભાઈ સાંખટ, નકાભાઈ ભગાભાઈ સાંખટ, રવજીભાઈ ભગાભાઈ સાંખટ, બચુભાઈ પાંચાભાઈ સાંખટ, મનુભાઈ બચુભાઈ સાંખટ તથા પીઠાભાઈ બચુભાઈ સાંખટ સામે અલ્ટ્રાટ્રેક સીમેન્ટ લીમીટેડના ડેપ્યુટી મેનેજર લેન્ડ વિભાગ જીતેન્દ્રપ્રતાપ સિંહ રામફાલ વર્મા (ઉ.વ.૫૧) એ વિવિધ સર્વે નંબરની જમીનના કોઈ પણ જાતના આધાર પુરાવાઓ વગર ગેરકાયદેસર કબ્જો કરી, આર્થીક લાભ મેળવી, જમીનમાં વાવેતર કરી, ઉપજ મેળવ્યાની ફરિયાદ નોંધાવી હતી. આરોપીઓએ સરકારી હુકમ અને કંપનીની માલિકીની જમીન હોવા છતાં વર્ષો સુધી તેનો ખેતીકામ માટે ઉપયોગ કરીને કાયદાનો ભંગ કર્યો હતો. સાવરકુંડલાના મદદનીશ પોલીસ અધિક્ષક જયવીર ગઢવી વધુ તપાસ કરી રહ્યા છે.

**સાવરકુંડલાના મદદનીશ પોલીસ અધિક્ષક જયવીર ગઢવી વધુ તપાસ શરૂ કરી**

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિઃ ચૌદશ
તા.૦૨-૦૩-૨૦૨૬, સોમવાર, સૂર્યોદય-૦૭:૨૬,
સૂર્યાસ્ત-૦૬:૦૬, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ આશ્લેષા

## દૈનિક રાશિફળ

**તા.૦૨-૦૩-૨૦૨૬ — સોમવાર**

મેષ: આજે ક્ષેત્રમાં યોગ્યતા વિકસાવવાથી લાભ થશે અને નવી તકો પણ પ્રાપ્ત થશે. તમે આજે ધંધામાં રોકાણ કરી શકો છો.

વૃષભ: આજે તમારા વ્યવસાય અને કાર્યક્ષેત્રમાં મિશ્ર અસર રહેશે. તમે તમારી બુદ્ધિ અને સમજણથી ઘણી જટિલ બાબતોને ઉકેલશો.

મિથુન: આજનો દિવસ રોમેન્ટિક બની શકે છે, તમે આનંદની ક્ષણો માણશો.

કર્ક: આ દિવસે તમે જે કામ કરવા માગો છો તેમાં મૂંઝવણ રહેશે. પરંતુ જે પણ કામ એક ચિત્તે કરવામાં આવશે, તેમાં વિજય ચોક્કસ મળશે.

સિંહ:આજે તમારે કેટલાંક કેસમાં નિરાશ થવું પડી શકે છે. બિઝનેસમાં કોઈપણ ડીલમાં વિક્ષેપ આવી શકે છે.

કન્યા: આજે કાર્યક્ષેત્રમાં યોગ્યતા વિકસાવવાથી લાભ મળશે અને નવી તકો પણ પ્રાપ્ત થશે.

તુલા: આજે કોઈ અનુભવી અને વરિષ્ઠ વ્યક્તિની સલાહને અનુસરીને પણ તમને લાભ મળશે.

વૃશ્ચિક: ઓફિસનું વાતાવરણ થોડું ગંભીર રહેશે, જે તમને માનસિક રીતે વિચલિત કરી શકે છે.

ધન: વિવાહિત જીવન આજે સુખી રહેશે. ધંધામાં ધનલાભ રહેશે કારણકે નસીબ પણ તમને સાથ આપશે.

મકર: આજનો દિવસ તમારી કસોટીનો રહેશે. તમે સખત મહેનત સાથે જે પણ કરો છો તે ખૂબ સારું પરિણામ લાવશે.

કુંભ: આજનો દિવસ તમારી પરીક્ષાનો રહેશે. તમે સખત મહેનત સાથે જે પણ કરો છો તે ખૂબ સારું પરિણામ લાવશે.

મીન: આજે તમે ઓફિસમાં અધિકારીઓની મદદથી તમામ પ્રકારની સમસ્યાને ઉકેલી શકશો. સાથીઓ તમારા કાર્યથી પ્રભાવિત થશે.

# જરખીયાની સરસ્વતી વિદ્યાલયના વિદ્યાર્થીઓએ લાઠીમાં વિવિધ સ્થળોની શૈક્ષણિક મુલાકાત લીધી

જરખીયા,તા.૦૧

દયા શંકર બાપા સેવા ટ્રસ્ટ - સુરત સંચાલિત અને જરખીયા ખાતે શિસ્ત, શિક્ષણ અને સંસ્કાર માટે જાણીતી સરસ્વતી વિદ્યાલય દ્વારા વિદ્યાર્થીઓના જીવનલક્ષી શિક્ષણના હેતુથી લાઠી ખાતે વિવિધ સરકારી અને વ્યાવસાયિક સ્થળોની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્યના માર્ગદર્શન હેઠળ ધોરણ ૯ના વિદ્યાર્થીઓએ વિવિધ વ્યવહારુ કાર્યો અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની માહિતી મેળવી હતી. આ મુલાકાત દરમિયાન લાઠી પોલીસ સ્ટેશનના પી.આઈ. સોનીએ વિદ્યાર્થીઓને ઉમળકાભેર આવકારી પોલીસ વિભાગના વિવિધ પાસાઓ, ૧૮૧ અભયમ સેવા, કંટ્રોલ રૂમ અને પોક્સો એક્ટ હેઠળની કાર્યવાહી તેમજ બાળ સુરક્ષાના અધિકારો વિશે વિસ્તૃત સમજ આપી હતી. તેમણે વિદ્યાર્થીઓને ઉચ્ચ હોદ્દા પર પહોંચવા માટે પ્રેરણા આપી આઈસ્ક્રીમ ખવડાવી ઉત્સાહ વધાર્યો હતો. ત્યારબાદ વિદ્યાર્થીઓએ એસ.બી.આઈ. (S.B.I.) બેંકની મુલાકાત લીધી હતી, જ્યાં બેંક મેનેજરે બેંકિંગ કામગીરીની પ્રેક્ટિકલ સમજ આપી ચોકલેટથી મોં મીઠું કરાવ્યું હતું. એગ્રી બિઝનેસ સેન્ટર ખાતે આધુનિક ખેતી, ડ્રીપ ઈરીગેશન, ઓર્ગેનિક ખેતી અને કૃષિ મશીનરી અંગે માહિતી મેળવી હતી. પોસ્ટ ઓફિસની મુલાકાત દરમિયાન પત્ર વ્યવહાર, ફિક્સ ડિપોઝિટ અને પોસ્ટલ વીમા વિશે જાણકારી મેળવી હતી. અંતમાં બ્યુટી સલૂનની મુલાકાત લઈ વોકેશનલ ટ્રેડમાં થતા પ્રેક્ટિકલ કાર્યો નિહાળ્યા હતા.

# રાજુલામાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ નિમિત્તે ચિત્ર સ્પર્ધા યોજાઈ

રાજુલા, તા.૦૧




તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા નગરપાલિકા દ્વારા આયોજિત "સ્વદેશી મેળો ૨૦૨૬" અંતર્ગત ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કુમાર શાળા નં. ૧ના ધોરણ ૧થી ૮ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ વિજ્ઞાન અને સ્વદેશી વિષયોને આધારે આકર્ષક અને સર્જનાત્મક ચિત્રો તૈયાર કરીને પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો હતો. નાનાં વિદ્યાર્થીઓએ રંગોની સમજ સાથે વૈજ્ઞાનિક પ્રયોગો, પર્યાવરણ સંરક્ષણ, સ્વચ્છતા અને સ્વદેશી ઉત્પાદનો જેવા વિષયો પર સુંદર ચિત્રો રજૂ કર્યા હતા.

# સાવરકુંડલામાં વ્યાયામ મંદિર ખાતે ૫૦થી વધુ વર્ષના ભાઈ-બહેનોનો રમતોત્સવ યોજાયો

સાવરકુંડલા, તા.૦૧



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલામાં કૃષ્ણકુમારસિંહજી વ્યાયામ મંદિર ખાતે ૫૦ વર્ષથી વધુ ઉંમરના ભાઈ બહેનોનો રમતોત્સવ યોજાયો હતો. શારીરિક અને માનસિક પ્રક્રિયાઓના સમન્વય સાથે ઈજા મુક્ત રમતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રમતોત્સવમાં ખાસ કરીને ધીમી વિઘ્નદોડ અને સંગીત ખુરશી જેવી બે સ્પર્ધાઓ યોજાઈ હતી, જેમાં ૨૦૦ જેટલા ભાઈ બહેનો એ ભાગ લીધો હતો. ૫૦ વર્ષથી ૮૪ વર્ષ સુધીના ભાઈ-બહેનો આ સ્પર્ધામાં જોડાયા હતા. આ તકે સાવરકુંડલાના માનવ મંદિર આશ્રમના સંત ભક્તિબાપુ, સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળા, એપીએમસીના ચેરમેન દિપક માલાણી, ડો. વડેરા, સંસ્થાના ટ્રસ્ટી મુકુંદભાઈ નાગ્રેચા તેમજ ડોક્ટર દીપકભાઈ શેઠ સહિતના મહાનુભાવો આ સ્પર્ધામાં ભાગ લઈ પોતાનું બચપન યાદ કર્યું હતું.

# લાઠીના મતીરાળા ગામના મુખવાસના વેપારી સાથે રૂ.૫.૩૦ લાખની ઠગાઈ

**જૂનાગઢના દલાલ સહિત બે સામે ફરિયાદ**

લાઠી, તા. ૧

લાઠી તાલુકાના મતીરાળા ગામે મુખવાસના હોલસેલ વેપાર સાથે સંકળાયેલા એક વેપારી સાથે રૂા. ૫.૩૦ લાખથી વધુની છેતરપિંડી થઈ હોવાની ઘટના સામે આવી હતી. ઓર્ડર મુજબનો માલ સામાન મેળવી લીધા બાદ પેમેન્ટ ન ચુકવી ઠગાઈ આચરવામાં આવતા પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આ અંગે વિપેશભાઈ શાંતીભાઈ જીણજા (ઉ.વ.૪૯) એ મુંબઈમાં રહેતા મોર્યા એન્ટરપ્રાઈઝના પ્રોપરાઈટર તથા જૂનાગઢમાં રહેતા ભાવિનભાઈ શશીકાંતભાઈ રૂપારેલીયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, મતીરાળા ગામમાં 'જે.બી. પ્રોડક્ટ્સ' નામે તમામ પ્રકારના મુખવાસ અને ધાણાદાળ બનાવી વેચાણ કરે છે. આરોપી ભાવિનભાઈ શશીકાંતભાઈ રૂપારેલીયાએ દલાલ તરીકેની ભૂમિકા ભજવી તેમનો સંપર્ક કર્યો હતો. તેણે 'મોર્યા એન્ટરપ્રાઈઝ' ના પ્રોપરાઈટર સાથે મુખવાસનો મોટો ઓર્ડર અપાવવા માટે ડીલ કરાવી હતી. આરોપીઓએ સુપર વ્હાઈટ ધાણાદાળ ૨,૦૦૦ કિગ્રા તથા વ્હાઈટ બોમ્બે કલર ધાણાદાળ ૧,૦૦૦ કિગ્રા મળી કુલ રૂા. ૫,૩૦,૨૫૦નો માલ તેમની પાસેથી મેળવ્યો હતો. આરોપીઓએ ઓર્ડર મુજબનો માલ મેળવી લીધા બાદ આજદિન સુધી બિલની બાકી નીકળતી રકમ ચૂકવી નથી. વારંવાર ઉઘરાણી કરવા છતાં નાણાં ન આપી, બંને આરોપીઓએ એકબીજાની મદદગારીથી ફરિયાદી સાથે વિશ્વાસઘાત અને ઠગાઈ આચરી હતી. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી એલ ખેર વધુ તપાસ કરી રહ્યા છે.

## તંત્રી લેખ

# ઈરાનની આગે વિશ્વની ચિંતા વધારી

મધ્ય પૂર્વમાં ફરી એક વખત યુદ્ધના વાદળો ઘેરાયા છે. અમેરિકા અને ઈરાન વચ્ચે વધતા સંઘર્ષે વૈશ્વિક રાજકારણને ચિંતામાં મૂકી દીધું છે. તાજેતરમાં લાલ સમુદ્ર અને ખાડી વિસ્તારમાં બનેલી સૈન્ય ઘટનાઓ, ડ્રોન હુમલાઓ અને મિસાઈલ પ્રહારોથી પરિસ્થિતિ વધુ તંગ બની છે. અમેરિકા તરફથી કહેવામાં આવે છે કે ઈરાન સમર્થિત ગઠબંધનો દ્વારા અમેરિકી સૈનિકો અને જહાજોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે, જ્યારે ઈરાન આ આક્ષેપોને નકારી પોતાને રક્ષણાત્મક ભૂમિકા ધરાવતું દેશ ગણાવે છે. આ વાક્યયુદ્ધ હવે કૂટનીતિની સીમા પાર કરી સૈન્ય અથડામણ સુધી પહોંચ્યું છે. અમેરિકાએ ઈરાનના ન્યુક્લિયર કાર્યક્રમને લઈને ફરી ચેતવણી આપી છે. વોશિંગ્ટનનું કહેવું છે કે જો ઈરાન યુરેનિયમ સમૃદ્ધિકરણની ગતિ વધારશે તો તે પ્રદેશ માટે ખતરનાક સાબિત થઈ શકે છે. બીજી તરફ તેહરાનનું મંતવ્ય છે કે તેનો પરમાણુ કાર્યક્રમ માત્ર શાંતિપૂર્ણ હેતુઓ માટે છે. આ મુદ્દે બંને દેશો વચ્ચે વિશ્વાસનો અભાવ વર્ષોથી ચાલતો આવ્યો છે. તાજેતરના હુમલાઓ પછી અમેરિકા દ્વારા કેટલાક નવા આર્થિક પ્રતિબંધો લાદવામાં આવ્યા છે, જેના કારણે ઈરાનની અર્થવ્યવસ્થા વધુ દબાણમાં આવી છે. વિશ્વબજારમાં તેલના ભાવમાં તરત જ ઉછાળો જોવા મળ્યો છે. મધ્ય પૂર્વ વિશ્વની ઊર્જા પુરવઠાની નાડી સમાન છે, તેથી અહીં થતો દરેક વિવાદ વૈશ્વિક અર્થતંત્રને અસર કરે છે. ભારત જેવા ઊર્જા આયાત પર નિર્ભર દેશો માટે આ પરિસ્થિતિ ખાસ ચિંતાજનક છે. આ સંઘર્ષને સમજવા માટે અમેરિકા અને ઈરાનના સંબંધોની પાછળ નજર કરવી જરૂરી છે. ૧૯૭૯ની ઈરાનની ઈસ્લામિક ક્રાંતિ પછી બંને દેશો વચ્ચેના રાજકીય સંબંધો તૂટી ગયા હતા. અમેરિકાની સમર્થિત શાહ સરકાર હટાવાઈ અને નવા ધાર્મિક નેતૃત્વવાળી સરકાર સત્તામાં આવી. ત્યારથી બંને દેશો વચ્ચે અવિશ્વાસ અને વિરોધની રાજનીતિ ચાલી રહી છે. સમયાંતરે બંને દેશો વચ્ચે સમાધાનના પ્રયાસો પણ થયા. ૨૦૧૫માં પરમાણુ કરાર થવાથી આશા જગાઈ હતી કે તણાવ ઘટશે, પરંતુ બાદમાં અમેરિકાએ તે કરારમાંથી બહાર નીકળી જતાં પરિસ્થિતિ ફરી બગડી. ત્યારથી પ્રતિબંધો, પ્રતિપ્રતિબંધો અને સૈન્ય તણાવ વધતા રહ્યા છે. તાજેતરના સંઘર્ષમાં એક મહત્વનું પાસું પ્રાદેશિક રાજકારણ છે. ઈરાન મધ્ય પૂર્વમાં પોતાનો પ્રભાવ વધારવા ઈચ્છે છે, જ્યારે અમેરિકા અને તેના સાથી દેશો ઈરાનના વિસ્તરતા પ્રભાવને રોકવા માગે છે. યમન, સિરિયા અને લેબનાન જેવા દેશોમાં ઈરાન સમર્થિત ગઠબંધનો સક્રિય હોવાનું અમેરિકાનું માનવું છે. આ કારણે દરેક અથડામણ માત્ર બે દેશો વચ્ચે મર્યાદિત રહેતી નથી, પરંતુ સમગ્ર પ્રદેશને અસર કરે છે. આ તણાવનો માનવિય પાસું પણ મહત્વનુ છે. પ્રતિબંધો અને આર્થિક દબાણના કારણે સામાન્ય ઈરાની નાગરિકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. મોંઘવારી, રોજગારીની અછત અને જીવનજરૂરિયાતોની કટોકટી તેમના માટે વાસ્તવિક સમસ્યા બની છે.

# રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ત્રીજા સરસંઘચાલક બાળાસાહેબ દેવરસ | પુષ્પ : ૧૫

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ત્રીજા સરસંઘચાલક બાળાસાહેબ દેવરસે ઈ.સ. ૧૯૯૧ ના વિજયાદશમી ઉત્સવ દરમિયાન હિન્દુત્વની વિચારધારા ઉપર સવિશેષ ભાર મુકતા કહ્યું હતું કે, "આજે દુનિયામાં ભારે ઉથલપાથલ છે. ચીનમાં કાલ માર્કસના દર્શન અને વિચારધારાનો પ્રભાવ લગભગ સો વર્ષ સુધી રહ્યો હતો. તે હવે સમાપ્ત થઈ ગયો છે. આ વિચારધારા માણસ દ્વારા માણસના શોષણનો અંત લાવવાનો દાવો કરતી રહી. તેણે લોકો સમક્ષ વર્ગવિહીન સમાજ અને રાજ્યવિહીન સામાજિક વ્યવસ્થાનું દિવાસ્વપ્ન રજૂ કર્યું. આનાથી વિશ્વના તમામ પ્રકારના શોષકોના મનમાં ગભરાહટ ફેલાઈ હતી. હવે આ વિચારધારાનું વર્ચસ્વ સમાપ્ત થઈ ગયું છે. માર્કસના શિષ્યોએ તમામ પ્રકારની રાજકીય બળજબરી અને શક્તિનો ઉપયોગ કરીને આ દર્શન વ્યવહારમાં મૂકવાનો જે પ્રયાસ કર્યો હતો, તે સંપૂર્ણપણે નિષ્ફળ સાબિત થયો છે. વર્ગો અદ્રશ્ય થયા નહીં પરંતુ નવા વર્ગો ઊભરી આવ્યા. ધર્મ એક અફીણની ગોળી છે - તે વિધાન પણ જૂઠું સાબિત થયું. ખાનગી મિલકતને તમામ પ્રકારના શોષણ અને અસમાનતાનું મૂળ જાહેર કરીને તમામ પ્રકારની ખાનગી માલિકી નાબૂદ કરવામાં આવી. હવે આ લોકોએ એ જ ખાનગી માલિકીને પ્રોત્સાહન આપવાનું શરૂ કર્યું છે. શ્રમજીવીઓની સરમુખત્યારશાહી સ્થાપિત કરવાના પ્રયાસમાં તેમણે લોકશાહીના મૂળભૂત તત્વોની હત્યા કરી નાખી અને હવે તેને પોતાના કાર્યોનો પસ્તાવો થઈ રહ્યો છે. આજે તેઓ કેન્દ્રીય રાજ્ય - નિયંત્રિત અને એકાધિકારવાદી અર્થતંત્રના કડવા પરિણામો ભોગવી રહ્યા છે. જેને તેમણે પ્રોત્સાહન આપ્યું અને અમલમાં મૂક્યું. આ અર્થતંત્રે ત્યાંના લોકોના હાથમાં ભીખ માગવાનો વાટકો મૂકી દીધો છે. જે લોકો માર્ક્સના વિચારોને ખૂબ જ મૌલિક અને ખૂબ જ પ્રગતિશીલ માનતા હતા અને પોતાના વિચાર જગતમાં કિલ્લાઓ બનાવતા હતા, તેઓ હવે નિરાશ, હતાશ અને મૂંઝવણમાં જોવા મળે છે. આ સ્થિતિમાં વિચારોના લોલકનો મૂડીવાદના બીજા છેડા તરફ ઝૂકવાનો ભય વધી ગયો છે. દુનિયામાં અસંખ્ય બુદ્ધિજીવીઓ છે. જે સમાજવાદ અને મૂડીવાદને બે વિચારધારાઓના ધ્રુવ માને છે. તે બધાને હિંદુત્વના સર્વમાનવ કલ્યાણકારી વિચારોથી વાકેફ કરાવવાની જરૂર છે. સમાજવાદ હોય કે મૂડીવાદ, આ બંને વિચારધારાઓ મૂળભૂત રીતે ભૌતિકવાદી છે. તે ફક્ત મનુષ્યના ભૌતિક સુખો વિશે જ વિચારે છે. પરંતુ આપણે એ ન ભૂલવું જોઈએ કે, વ્યક્તિ ફક્ત એક શરીર નથી - શરીરની સાથે તેની પાસે મન, બુદ્ધિ અને આત્મા પણ છે. આ ચાર સ્તરો પર તે પોતાની દૈનિક પ્રવૃત્તિઓ કરે છે. એટલા માટે જ્યારે આપણે માનવ - સુખ વિશે વિચારીએ છીએ ત્યારે



આપણે તેના સમગ્ર અસ્તિત્વ વિશે વિચારવું જોઈએ. હિન્દુ દર્શન અને તત્વજ્ઞાનમાં આનો વિચાર કરવામાં આવ્યો છે. તેમાં ફક્ત માનવજાતના કલ્યાણનો જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વના કલ્યાણનો પણ વિચાર કરવામાં આવે છે જેનો માનવજાત એક ભાગ છે. જેમ માણસ આ દુનિયામાં એક વ્યક્તિ તરીકે અસ્તિત્વ ધરાવે છે તેમ તે સમાજના રૂપમાં અસ્તિત્વ ધરાવે છે, તેવી જ રીતે અહીં એક બિન-માનવ સૃષ્ટિ પણ અસ્તિત્વમાં છે. આ વસ્તુઓમાં પણ એક સભાન તત્વ ભરેલું છે. સમગ્ર વિશ્વનો વિચાર એટલે સમગ્ર માનવજાત, માનવસમાજ, માનવ સિવાયના સર્જન અને તમામ જીવોમાં હાજર ચેતનાનું સંપૂર્ણ રીતે ચિંતન કરવું. આ બધામાં પ્રવર્તતી વિવિધતાને ધ્યાનમાં રાખીને તેમની વચ્ચે સૌહાર્દ પ્રાપ્ત કરી શકાય છે. આપણા દેશમાં સમરસતા સ્થાપિત કરનાર તત્વને ધર્મ કહેવામાં આવે છે. ધર્મ આ બધાને જોડે છે અને કલ્પના કરે છે. આ અર્થમાં હિન્દુ કોઈ સંપ્રદાય નહીં પણ ધર્મ છે. ફક્ત હિન્દુત્વ જ આ વિશે વિચારે છે. ધર્મનો ફક્ત અલૌકિક અને આધ્યાત્મિકતા સાથે જ સંબંધ નથી. તે ભૌતિક અને ભૌતિકવાદ સાથે પણ સંબંધિત છે. એટલા માટે આપણા દેશમાં એવું માનવામાં આવે છે કે, "માનવસુખ, કલ્યાણ અને પ્રગતિ વિશે વિચારતી વખતે જેમ વ્યક્તિ સંપૂર્ણ રીતે વ્યક્તિ વિશે વિચાર કરે છે, તેવી જ રીતે સમગ્ર વિશ્વ વિશે પણ વિચારવું જોઈએ.' ફક્ત આ વિચાર જ સમગ્ર વિશ્વમાં સમરસતા અને શાંતિ લાવી શકે છે. આ વિચાર માણસને સ્વાર્થી અને રાક્ષસ બનતા બચાવી શકે છે. વિજયાદશમીનું આ પર્વ મર્યાદાઓ પાર કરવાનો ઉત્સવ છે. આ ઉત્સવ પર બધા હિન્દુઓએ જૂના રીતરિવાજોનો અંત લાવવા માટે માનસિક મર્યાદાઓ પાર કરવાનો દ્રઢ સંકલ્પ કરવો જોઈએ હિન્દુ સમાજ એક સભ્ય, ઉદાર, નીડર અને હિંમતવાન સમાજ છે. આ છબી દરેક જગ્યાએ લોકોના મનમાં અંકિત થવી જોઈએ. સભ્યતા, ઉદારતા, નિર્ભયતા અને બહાદુરી વગેરે જેવા ગુણોથી સંપન્ન હિન્દુ સમાજ જ હિંદુત્વના માનવ કલ્યાણકારી તત્વજ્ઞાનને સંભાળી શકશે. ફક્ત આવો સમાજ જ સારા લોકોમાં નિર્ભયતા અને ખરાબ લોકોમાં તેનો ભય પેદા કરી શકશે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનો જન્મ ૬૬ વર્ષ પહેલા આવા સમાજના નિર્માણના ઉદ્દેશ્ય સાથે થયો હતો. આ ઉદ્દેશ્યને સતત પોતાના હૃદયમાં જીવંત રાખીને સંઘના કાર્યકરો હવે સામાજિક જીવનના વિવિધ ક્ષેત્રોમાં કાર્ય કરી રહ્યા છે. સમાજ પ્રત્યેનો તેમનો અત્યંત લગાવ, નિઃસ્વાર્થતા, સખત મહેનત અને હિંમતને કારણે જ તેઓ આ બધા ક્ષેત્રોમાં પોતાનો ખાસ પ્રભાવ બનાવી શક્યા છે. રાષ્ટ્રના નિર્માણ અને તેના ઉચ્ચ દર્શનને અમલમાં મૂકવાના સઘના પ્રયાસોમાં મને તમારો સક્રિય સહયોગ મળે તેવી મારી આપ સૌને વિનંતી છે"

આ રીતે બાળાસાહેબ દેવરસે તત્કાલીન સમયે દેશની કથળતી આર્થિક સ્થિતિ અને વૈશ્વિકીકરણ, ખાનગીકરણ, ઉદારીકરણની દેશ પર થતી અસર અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમણે દ્રઢતાથી કહ્યું હતું કે, આ સંકટને દૂર કરવા માટે સ્વદેશી અપનાવવું જોઈએ. તેમણે કહ્યું કે આર્થિક પ્રગતિની સાથે સામાજિક એકતા પણ જાળવી રાખવી જોઈએ. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ હિન્દુ સમાજને સંગઠિત કરવાનું કામ કરે છે.

**વિચારપૂંજ**
સંકલન - હું એક સામાન્ય સ્વયંસેવક
(રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અમરેલી જિલ્લો)

# પરિવર્તન અને પુનરાવર્તન : સંસારના બે પૈડાં

જીવન એક સતત ચાલતી પ્રક્રિયાની મુસાફરી છે,આ મુસાફરી બે પૈડાં પર ચાલે છે; પરિવર્તન અને પુનરાવર્તન. એક પૈડું આગળ ધપાવે છે, બીજું સંતુલન જાળવે છે. એક ગતિ આપે છે, બીજું ગંતવ્ય યાદ અપાવે છે. પરિવર્તન ગતિ આપે છે,પુનરાવર્તન સંતુલન જાળવે છે. એક વગર બીજું અધૂરું છે.એકથી ગતિ મળે છે, બીજાથી દિશા.

પરિવર્તન વગર જીવનમાં ગતિ નથી. સમય બદલાય, વિચારો બદલાય અને પેઢીઓ બદલાય છે. નદી વહે છે એટલે શુદ્ધ રહે છે; જ્યાં વહેણ અટકે, ત્યાં જળ સડે છે. આમ પ્રકૃતિના તત્વોમાં પણ સમય સાથે સતત બદલાવ આવતો રહે છે. પરંતુ માત્ર બદલાવ જ જીવન નથી. સાથે સાથે પુનરાવર્તન એ સંસ્કૃતિના મૂલ્યોનું સ્મરણ છે, પરંપરાઓનું સંભારણું છે, મૂળને જાળવવાની કળા છે. જેમકે માતા–પિતાની શીખ, ગુરુના સંસ્કાર,સત્ય, ન્યાય અને સંયમ; આ બધું પુનરાવર્તનથી જ પેઢીથી પેઢી સુધી પહોંચે છે. આજના યુગમાં આપણે બદલાવના નશામાં ઘણી વાર મૂલ્યો ભૂલી જઈએ છીએ. નવું અપનાવતા અપનાવતા જૂનું, જે સાચું છે એને ફેંકી દઈએ છીએ. પરિણામે વિકાસ તો થાય છે, પણ વિકાસની દિશા ખોવાઈ જાય છે. પરિવર્તન કહે છે: “નવું વિચારો અને આગળ વધો.” પુનરાવર્તન કહે છે:“મૂલ્યો ભૂલશો નહીં.” બન્ને મળીને જ સમાજના રથને ચલાવે છે. એક વગર બીજું હોય તો રથ ઉંધો પડે. સમાજમાં સુધારા જરૂરી છે, પણ સુધારા સંસ્કારના મૂળ કાપીને નહીં, તેને પાણી આપીને થવા જોઈએ. પરિવર્તન ક્રાંતિ લાવે છે,પુનરાવર્તન પરંપરાને જીવંત રાખે છે. આજની પેઢી ઝડપથી બદલાતી દુનિયામાં ખૂબ આગળ વધી રહી છે પણ સાથે સાથે સંબંધો, સંવેદના અને સંયમ પાછળ રહી જાય છે.અહીં પુનરાવર્તનની જરૂર છે, દરરોજ પોતાની જાતને પૂછવાની જરૂર છે: “હું બદલાયો છું, પણ સુધર્યો છું કે નહીં?” વિવિધ ઉદાહરણો સાથે પરિવર્તન અને પુનારાવર્તનનું મહત્વ સમજવા પ્રયત્ન કરીએ.



મનન ચિંતન
ભરત બાવીશી

(૧) કુદરતનું ઉદાહરણ: ઋતુઓનું ચક્ર કુદરતમાં સતત પરિવર્તન થાય છે: ઉનાળો આવે, વરસાદ પડે, શિયાળો આવે.આ પરિવર્તન જીવનને તાજગી આપે છે.પણઆ ઋતુઓ ફરી ફરી આવે છે, એ પુનરાવર્તન છે.જો ઋતુઓ બદલાય પણ ફરી ન આવે, તો કુદરતનું સંતુલન તૂટી જાય.

અહીં પરિવર્તન જીવનને જીવંત રાખે છે, અને પુનરાવર્તન કુદરતને સ્થિરતા આપે છે.

(૨) માનવીય જીવન: આદતો અને સુધારણા, એક વિદ્યાર્થી રોજ એક જ રીતે ભણે એ પુનરાવર્તન છે. પણ જો તે ભૂલોથી શીખીને અભ્યાસની રીત બદલે એ પરિવર્તન છે. માત્ર પુનરાવર્તન હશે તો પ્રગતિ અટકે, માત્ર પરિવર્તન હશે તો સ્થિરતા ન રહે. સાચી પ્રગતિ ત્યારે થાય છે, જ્યારે આપણે સારી આદતોને ફરી ફરી અપનાવીએ અને ખોટી આદતોમાં બદલાવ લાવીએ.

(૩) પરિવારમાં પરિવર્તન અને મૂલ્યોનું પુનરાવર્તન આજના પરિવારોમાં જીવનશૈલી બદલાઈ છે:ન્યુક્લિયર ફેમિલી, ટેકનોલોજી, વ્યસ્ત જીવન. આ પરિવર્તન સમયની માંગ છે. પણ સાથે સાથે આદર, સંવાદ, એકબીજાની ચિંતા જેવા મૂલ્યોનું પુનરાવર્તન ન થાય, તો પરિવર્તન સંબંધોને ખોખલા બનાવી દે.મોબાઈલ બદલાયો એ સ્વીકાર્ય, પણ માતા–પિતાના માન ભૂલાયા તે અયોગ્ય ગણાય.

(૪) સમાજમાં સુધારા: ક્રાંતિ અને પરંપરા સમાજમાં કુરિવાજો તોડવા પરિવર્તન જરૂરી છે. સ્ત્રીશિક્ષણ, સમાન અધિકાર, સામાજિક સુધારા આ બધા પરિવર્તનના ફળ છે. પરંતુ સાથે સાથે સત્ય, ન્યાય, સહઅસ્તિત્વ, સંવેદના જેવા મૂલ્યોનું પુનરાવર્તન ન થાય તો સુધારાનો અર્થ અધૂરો રહે.સમાજ સુધરવો જોઈએ, પણ માનવતા ગુમાવીને નહીં.

(૫) ટેકનોલોજી: નવી સુવિધા, જૂની સમજણ ટેકનોલોજી બદલાઈ રહી છે. પત્રથી મોબાઈલ, મોબાઈલથી સ્માર્ટફોન, સ્માર્ટફોનથી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ. આપરિવર્તન અનિવાર્ય છે.પણ સંવાદની શિસ્ત, સત્યની તપાસ, સમયનું મૂલ્ય આ બધાનું પુનરાવર્તન જરૂરી છે. નહીંતર સાધન સ્માર્ટ બનશે,પણ માણસ ધીમે ધીમે બુઠો બનતો જશે.

(૬) રાજકારણ અને લોકશાહી: નવા ચહેરા, જૂના મૂલ્યો લોકશાહીમાં ચહેરા બદલાતા રહે એ પરિવર્તન છે.પાર્ટીઓ બદલાય, નીતિઓ બદલાય એ પણ પરિવર્તન છે. પરંતુ લોકશાહીનું મૂળ ,જનહિત, જવાબદારી, પારદર્શિતા જેવા મૂલ્યોનું પુનરાવર્તન ન થાય તો લોકશાહી માત્ર નામની રહી જાય.નવા આવવા જોઈએ, પણ સાચા જળવાવા જોઈએ.

(૭) વ્યક્તિગત જીવન: હું બદલાયો છું કે સુધર્યો છું? દરેક માણસ કહે છે “હું બદલાઈ ગયો છું.” પણ પ્રશ્નએ છે કે બદલાવ સુધારામાં ફેરવાયો કે ફક્ત રૂપાંતરમાં અટકી ગયો? નવું કપડું, નવી ભાષા, નવી ટેવ આ બધું પરિવર્તન છે. પણ વિનમ્રતા, સચ્ચાઈ, સંયમ આનું પુનરાવર્તન થાય તો જ પરિવર્તન ફળે. આમ જીવનના દરેક ક્ષેત્રમાં પરિવર્તન અને પુનરાવર્તનનો સંતુલિત ઉપયોગ જ સ્વસ્થ સમાજ અને મજબૂત રાષ્ટ્રનું નિર્માણ કરી શકે છે.

**બદલાવમાં જો મૂળ ભૂલી જઈએ,**
**તો ઊંચે જઈને પણ ખાલી રહી જઈએ.**
**નવું સ્વીકારીએ, જૂનાને ન ફેંકીએ,**
**મૂલ્યો જોડીએ, ભવિષ્યને સંવારીએ.**

# ચાર ચોપડી ભણેલો ખેડૂત ૧૮ દેશોમાં 'કાચરી'નો વટથી ધંધો કરે છે





રંગોના ઉત્સવ ધુળેટીની સહુને આગોતરી શુભેચ્છા સાથે ગ્રામીણ જીવનના દરેક ધબકારામાં પ્રગતિના નવા રંગો ઉમેરાતા રહે તેવી અપેક્ષા.

૮૦ વર્ષથી વયે પણ ખોખરો અને પડકારો જેનો મોળો નથી તેવા પ્રગતિશીલ ખેડૂત શ્રી હસમુખભાઈ ગોવિંદભાઈ ડોબરીયા જુનાગઢ જિલ્લાના કેશોદ ગામમાં ખેડૂત છે. આજના સ્વાતંત્ર્ય રહેવાના રિવાજમાં પરિવારો ભાંગતા જાય છે. અને યુવા પેઢી હવે કહ્યામાં રહી નથી મોબાઈલ અને પશ્ચિમી સંસ્કૃતિએ ભારતીય સંયુક્ત પરિવાર પ્રથા ઉપર પ્રહાર કર્યો છે. ત્યારે હસમુખભાઈની ચાર પેઢી એક ભાણે જમે છે. સંયુક્ત પરિવારમાં રહે છે. આથી વિશેષ સુખ શું હોઈ શકે ?

હસમુખભાઈ ડોબરીયા પાસે પોતાની ૧૦ વીઘા જમીન છે. છેલ્લા ૨૩ વર્ષથી હજારો પોપટને બાજરીના ડુંડા અને મગફળીના દાણા ખવડાવે છે. જુન મહિનાથી ત્રણ સાડા ત્રણ મહિના પોપટને ખોરાક આપે છે. અંદાજે ૪,૦૦૦ થી ૬,૦૦૦ પોપટને ખોરાક પૂરો પાડે છે એક વખત ટૂંકા મનના માનવીને કેશોદ જૂન મહિના પછી જઈને જોવા જેવું કુદરતી દ્રશ્ય છે. પોતાની ૧૦ વીઘા જમીનમાં ઉત્પાદન લેતા નથી બાજરી વાવીને ડુંડા પોપટને ખવડાવે છે. ઉપરાંત બીજા ખેડૂતો પાસેથી ડુંડા વેચાતી લઈને ખવડાવે છે. આ છે હસમુખભાઈ નો પંખી પ્રેમ..

સમજાતું નથી ગામડાઓને કોની નજર લાગી છે. આજે ગામડાઓ ભાંગી રહ્યા છે. જગતનું પેટ ખોરાક વિના ભરાવાનું નથી કોઈ લેબોરેટરીમાં અનાજ ઉગવાનું નથી છતાં પણ ખેતી દેશનો વર્તમાન સમયમાં મુખ્ય વ્યવસાય બની શકતો નથી. અનેક જગ્યાએ રોજબરોજ નકલી દૂધ પકડાય છે. જો તમારે ચોખ્ખું દૂધ, માખણ, ઘી ખાવા હશે તો ખેડૂતો, માલધારી, પશુપાલકોને પ્રોત્સાહન આપવું પડશે. બાકી આજે પશુપાલન નહીવત હોવા છતાં દૂધ, દહીંની બનાવટો માંગો એટલી મળે છે. હવે વાંચકો વિચારજો આ આવે છે ક્યાંથી ? સારું અને સ્વસ્થ જીવન જીવવા માટે જો પ્રજા હક્કથી શુદ્ધ, ચોખ્ખું અને પ્રાકૃતિક માંગી ના શકે ત્યાં સુધી બીમારીના ખાટલા જ હોય એમાં નવાઈ નથી.



ઝાકળનું એક બિંદુ
હિરેન હિરપરા

હસમુખભાઈ ડોબરીયાએ આજથી ૨૯ વર્ષ પહેલા કોઠીબામાંથી કાચરી બનાવવાની શરૂઆત કરી હતી. લોકો હસતા હતા પણ હસમુખભાઈએ હિંમત હાર્યા વિના આ વ્યવસાયમાં આગળ વધ્યા આજે હસમુખભાઈ ૯ થી ૧૦ ખેડૂતોને રોજગારી આપી રહ્યા છે. આ ખેડૂત પાસે કોઠીબાનું વાવેતર કરાવે છે અને વીઘે હવામાન અનુસાર ૧૦૦ મણથી ૧૪૦૦ મણ કોઠીબા એક વીઘે મળે છે. જે એક મણના રૂ.૩૦૦ થી ૩૫૦ ના ભાવથી હસમુખભાઈ ખરીદી કરી લે છે. ત્યારબાદ કોઠીબાની સુખવણી કરી કાચરી બનાવે છે. એક મણ કોઠીબામાંથી બે કિલો કાચરી બને છે. ગોકુલ ગૃહ ઉદ્યોગના માધ્યમથી આ ખેડૂત પુત્ર અનેક બહેનોને સ્વરોજગારી પણ આપે છે.

કાચરીની સુકવણી બાદ તેનું ગ્રેડિંગ, શોર્ટિંગ અને બેસ્ટ પેકિંગ કરીને વેચાણ કરે છે. હસમુખભાઈ સગા વાલાઓ મારફતે હાલ દેશમાં તો વેચાણ કરે જ છે એ ઉપરાંત ૧૭ થી ૧૮ દેશોમાં વેચાણ કરે છે. વર્ષ દરમિયાન ૩,૫૦૦ થી ૪,૦૦૦ કિલો જેટલું વેચાણ થાય છે. ગ્રેડિંગમાં ૧-૨-૩ ગ્રેડ પાડે છે. જેમાં ભાવ કિલોનો રૂપિયા ૪૦૦ થી લઈને રૂા.૧,૦૦૦ સુધી વેચાણ કરે છે.

રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની અનેક યોજનાઓ ખેડૂતો પાક મુલ્ય વર્ધન કરી શકે તે માટેની છે. તો તેના લાભ પણ લેવો જોઈએ. હસમુખભાઈ ડોબરીયાનો સંપર્ક નંબર ૯૮૨૫૭ ૪૭૦૨૫ છે.

## :: તિખારો ::

**આપણે જાણતા હોઈએ કે સામેની વ્યક્તિ આપણને છેતરી રહી છે. છતાં પણ છેતરાતા રહીએ આથી વિશેષ સંબંધમાં વફાદારી અને પરિપક્વતા બીજી કોઈ કદી ના હોઈ શકે, વિશ્વાસ એવો ઉભો કરો કે દાણા નાખવાનું તમે ભૂલી જાવ અને પંખી આંગણે આવીને ઊભું રહે તે વિશ્વાસ.**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

સંજોગ ન્યૂઝ
લીલોતરી

# અઠવાડિક ખેતી કાર્યો





મગ : ●ગુજરાત મગ ૧૦ (GM ૧૦: સોરઠ મોતી) : ખરીફ ઋતુમાં મગ ગુજરાત મગ ૧૦ (GM ૧૦: સોરઠ મોતી) વહેલા (૬૫ દિવસ) પાકતી જાતનો વાવેતર કરવાની ભલામણ કરવામાં આવે છે. આ જાતના બીજ મધ્યમ કદના અને લીલા રંગના હોય છે. આ જાત MYMV, પાન કર્લ, એન્થ્રેકનોઝ અને પાવડરી માઈલ્ડ્યુ રોગો સામે પ્રતિરોધક છે.

**આંબો : મધીયો**

● આંબાના ઝાડ ખુબ જ મોટા થઈ ગયા હોય ત્યાં જરૂર મુજબની છટણી કરવી જેથી સૂર્યપ્રકાશ જમીન સુધી દાખલ થઈ શકે.

● આંબાવાડીયામાં પાણીના નિતારની પુરતી વ્યવસ્થા કરવી.

● વધુ ઉપદ્રવમાં ડેલ્ટામેથ્રીન ૨.૮ ઈસી ૩ મિ.લી. અથવા સાયપરમેથ્રીન ૨૫ ઈસી ૨ મિ.લી. અથવા આલ્ફામેથ્રીન ૧૦ ઈસી ૨ મિ.લી. અથવા ઈમિડાકલોપ્રીડ ૧૭.૮ એસએલ૩ મિ.લી.અથવા ફેનોબુકાર્બ૫૦ ઈસી ૨૦ મિ.લી. ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

**મગફળી:** (૧) બીજુ પિયત ૧૮થી ૨૦ દિવસે, વાનસ્પતિક વૃદ્ધિ પર અંકૂશ રાખવા, (૨)ત્રીજુ અને ચોથુ પિયત ૩૦ અને ૪૦ દિવસે, જમીનમાં સૂયા બેસતી વખતે (૩) મોલો/તડતડીયા/ થ્રીપ્સનાં નિયંત્રણ માટે મગફળીના પાકમાં શરૂઆતના તબકકામાં મોલોમશી, તડતડીયા(જેસીડ), થ્રીપ્સ જેવી ચુસીયા પ્રકારની જીવાતનો ઉપદ્રવ થતો હોયછે. આના નિયંત્રણ કરવા માટે નીચેના પૈકી કોઈ પણ એક જંતુનાશક દવાનો છંટકાવ કરવો;

| ક્રમ | જંતુનાશક દવાનું નામ | જંતુનાશક દવાનો જરૂરી જથ્થો (૧૦લિટરપાણીમાં) |
|---|---|---|
| અ | ઈમીડાકલોપ્રીડ ૧૭.૫ એસ.એલ. | ૪મિ.લિ. |
| બ | એસીટામીપ્રીડ ૨૦ એસ.પી. | ૩ગ્રામ |
| ક | થાયોમેથોકઝામ ૨૫ ડબલ્યુ. જી. | ૩ગ્રામ |

૪. મગફળી પાકમાં સમયસર નિંદામણ ન કરવામાં આવેતો ૨૦ થી૪૫ % સુધીનો ઉત્પાદનમાં ઘટાડો નોંધાયેલછે. મગફળીના પાકને પ્રથમ ૪૫ દિવસ નિંદામણ મુકત રાખવો ખૂબજ જરુરી છે. ટીકકા તથા ગેરુ રોગના નિયંત્રણ માટે ડાયથેન-એમ-૪૫, ૨૫ ગ્રામ અથવા બાવીસ્ટીન ૫ ગ્રામ દવા વારા-ફરતી ૩૦, ૫૦ અને ૭૫ દિવસે ૧૦ લીટર પાણીમાં ઓગાળી છંટકાવ કરવો અથવા કલોરોથેલોનીલ ૨૫ ગ્રામ અથવા હેકઝાકોનેઝોલ ૫ મિ.લિ. દવા ૧૦ લીટર પાણીમા છાંટવું.

**રીંગણ, ભીંડા, મરચી અને વેલાવાળા શાકભાજી :** પાનકથીરી

● છોડનો વધુ ઉપદ્રવિત ભાગ કાપી તેનો નાશ કરવો

● લીમડાની લીંબોળીની મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫% અર્ક) અથવા લીમડા આધારિત તૈયાર કીટનાશક ૨૦ મિ.લી. (૧ ઈસી) થી ૪૦ મિ.લી. (૦.૧૫ ઈસી) ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

● વધુ ઉપદ્રવ વખતે ફેનાઝાકિવન ૧૦ ઈસી ૧૦ ઈસી ૧૦ મિ.લી. અથવા ફેનપ્રોપેથ્રીન ૩૦ ઈસી ૨૦ મિ.લી. અથવા સ્પાયરોમેસીફેન ૨૨.૯ એસસી ૧૦ મિ.લી. અથવા પ્રોપરગાઈડ ૫૭ ઈસી ૧૦ મિલી અથવા ફેનપાયરોક્ષીમેટ ૫ એસસી ૧૦ મિ.લી. અથવા ઈટોકઝાઝોલ ૧૦ એસસી ૧૦ મિ.લી. ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

**પપૈયાઃ**

● થડનો કોહાવારો પપૈયાના પાકમાં જમીનની નિતારશકિત વધારવાથી થડનો કહોવારો (કોલર રોટ) રોગની તિવ્રતા ઘટે છે. પપૈયા અને તુવેરના પાકમાં છોડના થડ અને જમીન ભીંજાય તે રીતે કોપર ઓકઝીકલોરાઈડ (૩૦ ગ્રામ / ૧૦ લિટર પાણી)નું દ્રાવણ ડ્રેન્ચિંગ કરવાથી રોગનું નિયંત્રણ થાય છે.

● ઉનાળુ મગફળી માં ૧૯-૧૯-૧૯ % ના-ફો-પો વાવેતર બાદ ૪૫ અને ૬૦ દિવસે છંટકાવ કરવો.

● **ફળ ઉતારવા :** ફેરરોપણી પછી ૯-૧૦ મહિના પછી પપૈયાના ફળ પાકવાની શરૂઆત થાય છે અને ફળો ઉપર નખ મારવાથી દૂધના બદલે પાણી જેવું પ્રવાહી નીકળે ત્યારે ફળ ઉતારવા માટે યોગ્ય ગણાય છે તેમજ ફળો ઉપર સહેજ પીળો પટ્ટો દેખાવાની શરૂઆત થાય ત્યારે ફળ ઉતારવા. તૈયાર થયેલ ફળોને હાથથી ઉતારવા અને પેકીંગ કરતી વખતે નાના-મોટા નુકસાનવાળા તેમજ રોગિષ્ટ ફળોનું અલગ-અલગ વર્ગીકરણ કરવું. ફળોના પેકિંગ માટે વાંસના ટોપલા, પ્લાસ્ટિક ક્રેટમાં નીચે પરાળ,કાગળ અને પપૈયાના પાન પાથરી તેના પર ચોકકસ સંખ્યામાં ફળ ગોઠવી બજારમાં વેચાણ માટે મોકલવા. લાંબા અંતરે મોકલવા માટે દરેક પપૈયાના ફળને ન્યૂઝપેપરમાં વીટાળી ક્રેટમાં ગોઠવી વહન કરવાથી ફળને ખૂબ જ ઓછું નુકસાન થાય છે.

**જમીનના ગુણધર્મો અને ખાતર વિકાસ વચ્ચેનો સંબંધઃ**

૧. *જમીનનું PH નીચે અથવા ઉપર જવું એટલે કે બેલેન્સમા નો રહેવું. (અમ્લીયતા / ક્ષારિયતા)* જમીનનું PH વધારે ઊંચું (ક્ષારીય) કે ઓછું (અમ્લીય) હોય તો ઘણા પોષકતત્વો બંધાઈ જાય છે (Lock-up થઈ જાય છે).

● ઉદાહરણઃ ક્ષારીય જમીનમાં Zn ઝીંક, Fe લોહ તત્વ, સ્હ મેંગનીઝ ઉપલબ્ધ નથી.

● અમ્લીય જમીનમાં Ca કેલ્શિયમ, Mg મેગ્નેશિયમ ઓછા થઈ જાય છે.

● એ માટે માઈક્રોન્યુટ્રિએન્ટ મિશ્રણ,ચેલેટેડ ખાતર, પાણીમાં દ્રાવ્ય ખાતર (WSF/વોટર સોલ્યુબલ ખાતર) ઉપયોગ કરવો.

● ૨. *CEC (Cation Exchange Capacity)*

● જમીનની પોષક તત્ત્વ પકડી રાખવાની ક્ષમતા.

● રેતાળી જમીનમાં CEC ઓછી પોષકતત્વો ઝડપથી ધોવાઈ જાય.

● એ માટે high analysis, slow-release અને coated ખાતરો બનાવાયા જેથી પોષકતત્વો ઝડપથી ન ખોવાય.

● 3. *EC (Electrical Conductivity)*

● જમીનમાં લવણિયતા વધી જાય તો પાકને પાણી-પોષકતત્ત્વો શોષવામાં તકલીફ પડે.

● વધુ ખાતર વપરાશથી ઈઝ વધે છે.

● *balanced fertilizer, અલગ ગ્રેડના NPK (૧૦:૨૬:૨૬, ૧૯:૧૯:૧૯, ૦:૫૨:૩૪ વગેરે) વિકસાવાયા જેથી એક જ તત્વનું વધારે પ્રમાણ ન જાય.*

**નિદામણ ઓછું કરવા માટે :**

● નિંદણમુકત, શુધ્ધ અને પ્રમાણીત બીજનો વાવણી માટે ઉપયોગ કરવો.

● સંપૂર્ણ કોહવાયેલું છાણીયુ/ કમ્પોસ્ટ ખાતરનો જ ઉપયોગ કરવો

● પશુઓને નિંદણના બીજથી મુકત લીલો કે સુકો ચારો નાખવો.

● જાનવરોને નિંદણવાળા ચરીયાણ વિસ્તારમાંથી ખેતી લાયક વિસ્તારમાં પ્રવેશતા અટકાવવા.

● જાનવરોને પાકટ નિંદણોવાળા વિસ્તારમાં ચરાવવા નહીં.

● ખેત ઓજારોને નિંદણોના બીજથી મુકત રાખવા અને ઉપયોગ કર્યા પછી સાફ કરવા.

● પિયતની નીકો, ઢાળીયા, પાળીયા, નહેર, ખેતરના ખુણાં, વાડ, શેઢા વગેરે નિંદણોથી મુકત રાખવા.

● ખળાની તથા તેની આજુબાજુની જગ્યા નિંદણમુકત રાખવી.

● ફેરરોપણી સમયે નિંદણોના છોડ કાળજીપૂર્વક દૂર કરવા.

● નિંદણોના બીજવાળી માટીનું બીજી ખેડાણવાળી જમીનમાં સ્થળાંતર કરવુ નહીં.

● નિંદણને બીજ બેસતાં પહેલાં કાપી કે બાળી નાખવા.

નીંદણનાશક દવા છાંટતી વખતે શું કાળજી રાખવી ?

● દવા ખરીદતી વખતે તેની અવધી (એકસપાઈરી ડેઈટ)ની ચોકસાઈ કરી લેવી.

● ભલામણ કરેલ દવાનો જ જે તે પાકમાં ઉપયોગ કરવો.

● ભલામણ કરેલ સમયે જ અને તેટલી જ માત્રામાં દવાનો ઉપયોગ કરવો.

● વધુ પડતો કે તોફાની પવન હોય ત્યોરે છંટકાવ કરવો નહીં.

● એકસરખા છંટકાવ માટે ફલેટ ફેન અથવા ફલડ જેટ નોજલનો ઉપયોગ કરવો.

● દવા છાંટનારે હાથમાં મોજા કે અન્ય રક્ષણાત્મક વસ્ત્ર પહેરવા.

● નીંદણનાશક દવા માટે અલગ પંપ રાખવો.

● સતત એક જ પ્રકારની દવાનો વારંવાર ઉપયોગ ન કરવો.

**ખેતપેદાશોના વેચાણ માટે ધ્યાનમાં રાખવાના મુદાઃ**

● ખેડુતોએ બજારની સ્પર્ધામાં ટકી રહેવા અને ભાવની સોદાબાજીમાં પ્રભુત્વ મેળવવા માટે સહકારી મંડળી અને ખેડૂત ઉત્પાદક સંગઠનો (FPO) દ્વારા એક જૂથ થઈને ઉત્પાદનોનું વેચાણ કરવું જોઈએ.

● ખેડૂતોએ વધુ ભાવ મેળવવા ડાયરેક્ટ માર્કેટિંગ (અંતિમ ગ્રાહકોને સીધે સીધું વેચાણ) અપનાવવું જોઈએ. જે અંતર્ગત ફળ-શાકભાજી, અનાજ અને કઠોળને ખેડૂત મંડી, , ખેતર નજીક પસાર થતા મુખ્ય ચાર રસ્તા પાસે સ્ટેન્ડ બનાવી, હોટલો, વગેરે ને વેચાણ કરવું જોઈએ.

● કરાર આધારિત ખેતી પધ્ધતી અપનાવી, અગાઉથી જ નક્કી કરેલા ભાવે ઉત્પાદક કંપની, વેપારી તથા નિકાસકારોને વેચાણ કરવું જોઈએ.

● સરકારશ્રી દ્વારા હાલમાં ખેડૂત લાભાર્થે શરુ થયેલ છે જે ખેત પેદાશોના ખરીદ વેચાણ માટેનું ઈલેક્ટ્રોનિક મંચ છે તેની તાલીમ લઈ અને કાર્યપધ્ધતિ સમજાવી જોઈએ ખેડૂત મિત્રો ઘરે બેઠા સમગ્ર દેશના બજારનાં ભાવ જાણીને પારદર્શક રીતે ખેત પેદાશોનું વેચાણ કરી શકે છે. ● નાના અને સીમાંત ખેડૂતોએ પોતાની ખેત પેદાશોને એક સાથે અને સામુહિક જથ્થામાં નજીકના બજારમાં વેચાણઅર્થે જવું જોઈએ જેથી વેચાણને લાગતો ખર્ચ પણ ઓછો કરી શકાય અને વધારે નફો મેળવી શકાય.



ડો.જી.આર. ગોહિલ, જૂનાગઢ
કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ.
ફોન : ૯૨૭૫૭૦૮૩૪૨

# ઉનાળુ મગફળીમાં સંકલિત રોગ નિયંત્રણ

ગુજરાતમાં ઉનાળુ ઋતુમાં વવાતા પાકોમાં મગફળીએ ખુબ જ અગત્યનો તેલીબિયાં પાક છે. આ પાકની જુદી જુદી અવસ્થાએ જુદા જુદા પ્રકારના રોગ અને જીવાતનો ઉપદ્રવ જોવા મળે છે. જો આવા રોગને ઓળખીને સમયસર તેના નિયંત્રણ માટે ચોક્કસ પગલાં લેવામાં ન આવે તો ખેડૂતોને ઘણીવાર ખુબ મોટું આર્થિક નુકશાન વેઠવું પડે છે. મગફળીમાં ખાસ કરીને ઉનાળુ વાવેતરમાં આવતા રોગની ઓળખ અને તેમના નિયંત્રણ વિશેની વિસ્તૃત માહિતી નીચેમુજબ છે.



**(૧)કોલાર રોટ /ઉગસુક**

**રોગ પ્રેરક અને લક્ષણોઃ**આ રોગ એસ્પરજીલસનાઈઝર નામની ફુગથી થાય છે. આ ફુગથી થતા રોગને ઉગસુકનો રોગ પણ કહેવામાં આવે છે.આ ઉપરાંત સ્ફુરણ થયા પહેલા તથા સ્ફુરણ થયેલા દાણાના સડાના રોગ તરીકે પણ ઓળખાય છે.કોલારરોટ/ઉગસૂકનો રોગ રેતાળ તેમજ મધ્યમ કાળી જમીનમાં વધુ જોવા મળે છે. સૌરાષ્ટ્રમાં ખાસ કરીને જૂનાગઢ અનેરાજકોટ જીલ્લામાં આ રોગ ચોમાસુ ઋતુ દરમિયાન વધુ પ્રમાણમાં જોવા મળે છે. આ રોગની ફૂગમુખ્યત્વે જમીનમાં રહે છે.ખાસ કરીને સડેલા છોડના અવશેષો તેમજ બિયારણની સપાટી પર આ રોગની ફૂગરહેલ હોઈ તે પણ રોગ ઉદ્ભવવા માટે નિમિત બને છે. આફૂગ ૩૦૦સે. કરતા વધુ તાપમાનનેપણ રહીશકે છે.

આ રોગના પ્રથમ લક્ષણમાં બીજ ઉગી શકતા નથી. બીજ જમીનમાં જ સ્ફુરણ થયા પહેલા સડી જાય છે અને ઉગવાની શક્તિ ગુમાવે છે. આવા બીજ બહારકાઢી જોવામાં આવે તો કાળી ફૂગના બીજાણુંઓ તેના પર છવાયેલા હોય છે.આ રોગ ઉગ્યા પહેલા આવે તો આગોતરો સડો કહેવાય છે. છોડનું જમીનમાંથી સ્ફુરણ થયા બાદ લગભગ ફૂગના કારણે જમીનની સપાટીએથી છોડ તૂટી જાય છે. આવા લક્ષણોથી સુકાતા રોગને પાછોતરો સુકારો કહેવાય છે. મોટેભાગે આ રોગ વાવણીની શરૂઆતની અવસ્થામાં વધારે જોવા મળે છે પરંતુ ક્યારેક પાકની પાછલી અવસ્થામાં પણ છોડ આ ફૂગને લીધે સુકાયેલા જોવા મળે છે.જીવાતનાં નુકસાન અને ઊંચા તાપમાનનાં લીધે આ રોગની તીવ્રતા વધે છે.

**નિયંત્રણઃ**

● ઉચ્ચ ગુણવતાવાળુ બિયારણ વાપરવુ જોઈએ.

● આ રોગ ફુગથી થતો હોય એટલે નુકસાન વિનાના બીજ વાવેતર માટે ઉપયોગમાં લેવા તેમજ મગફળીના બીજને ફોલીને ભેજવાળી જગ્યામાં રાખવા નહિ.

● આંતરખેડ દરમ્યાન છોડને નુકસાન ન થાય તેની કાળજી રાખવી.

● વહેલુ વાવેતર કરવુ તેમજ ઘઉ અને ચણા જેવા પાક સાથેની પાકની ફેરબદલી આ રોગના જીવાણુની વ્રુધ્ધિ અટકાવે છે.

● બીજને વાવતા પહેલા એક કિ.ગ્રા.બીજ દિઠ ૩ થી ૪ ગ્રામ ફૂગનાશક દવા જેવી કે થાયરમ અથવા મેન્કોઝેબકે ટેબ્યુકોનેઝોલ૨% ડી.એસ. ૧.૨૫ ગ્રામ અથવા કાર્બેન્ડાઝીમ ૨૫% + મેન્કોઝેબ ૫૦%ડબલ્યુ.એસ. ૩ગ્રામ અથવા કાર્બોક્ષિન ૩૭.૫% + થાયરમ ૩૭.૫%ડબલ્યુ. એસ.૩ગ્રામ અથવા ઈમીડાક્લોપ્રીડ ૧૮.૫% + હેકઝાકોનાઝોલ ૧.૫% એફ.એસ. ૨ મિલી દવાનો પટ આપીને વાવેતર કરવુ.

● એરંડીનો ખોળ અથવા લીમડાનો ખોળ વાવેતર સમયે ચાસમા ૫૦૦ કિ.ગ્રા./ હેકટર પ્રમાણમા નાખવો. (ક્રમશઃ)

ડો. ચિરાગકુમાર. એમ. ભાલીયા અને ઉર્જાભીમાણી
વરિષ્ઠ વૈજ્ઞાનિક (વનસ્પતિ રોગશાસ્ત્ર) પાકસંરક્ષણ વિભાગ,
આઈ.સી.એ.આર.- ભારતીય મગફળી સંશોધન સંસ્થા,
જુનાગઢ-૩૬૨ ૦૧૫

# વાતાવરણ પરિવર્તન અને કેસર કેરીનું ઉત્પાદનઃ ગુજરાતના ખેડૂત માટે પડકાર અને ઉકેલ

ગુજરાત રાજ્ય ભારતના અગ્રણી કેરી ઉત્પાદક રાજ્યોમાંનું એક છે, જેમાં ‘‘કેસર’’ જાતનું વિશેષ આર્થિક અને વ્યાપારી મહત્વ છે. રાજ્યમાં આશરે ૧.૭૦–૧.૮૦ લાખ હેક્ટર વિસ્તારમાં કેરીનું વાવેતર થાય છે, જેમાં ગીર અને આસપાસના જિલ્લાઓ મુખ્ય ઉત્પાદન કેન્દ્ર છે. રાજ્યના કુલ ફળવર્ગ વિસ્તારમાં કેરીનો અંદાજે ૩૭% જેટલો હિસ્સો છે, જે તેની વ્યાપકતા અને મહત્વ દર્શાવે છે.ભારત વિશ્વમાં કેરીનું સૌથી મોટું ઉત્પાદન કરતો દેશ છે. તાજા આંકડાઓ મુજબ ભારત દર વર્ષે લાખો ટન કેરીનું ઉત્પાદન કરે છે અને નોંધપાત્ર પ્રમાણમાં નિકાસ પણ કરે છે. ગુજરાતમાંથી છેલ્લા પાંચ વર્ષમાં ૩,૦૦૦ ટનથી વધુ કેસર કેરીની નિકાસ નોંધાઈ છે. માત્ર ૨૦૨૪–૨૫ દરમિયાન જ અંદાજે ૮૫૬ મેટ્રિક ટન નિકાસ નોંધાઈ છે.

કેસર કેરીને ભૌગોલિક સંકેત (GI Tag) પ્રાપ્ત હોવાથી આંતરરાષ્ટ્રીય બજારમાં તેની વિશિષ્ટ ઓળખ સ્થાપિત થઈ છે. યુનાઈટેડ સ્ટેટ્સ, યુનાઈટેડ કિંગડમ, સાઉથ આફ્રિકા અને યુરોપીય દેશોમાં તેની માંગ સતત વધી રહી છે. વધતી નિકાસને કારણે કેસર કેરી હવે ગુજરાત માટે ‘‘ડોલર કમાવતો રોકડ પાક’’ તરીકે ઓળખાઈ રહી છે, જે ખેડૂતોની આવક અને રાજ્યના કૃષિ અર્થતંત્રમાં મહત્વપૂર્ણ ફાળો આપે છે.

તાજેતરના વર્ષોમાં શિયાળાની ઠંડીનો સમયગાળો નોંધપાત્ર રીતે ઘટ્યો છે. જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં તાપમાનમાં અચાનક વધારો જોવા મળે છે. ઘણીવાર મોર આવવાના સમયગાળા દરમિયાન અનિયમિત વરસાદ અથવા ઘન ઝાકળ પડવાથી મોર સુકાઈ જવું, ગળી જવું અથવા પાઉડરી મિલ્ડ્યુ જેવી બીમારી ફેલાય છે. આ પરિસ્થિતિ સીધી રીતે ફળધારણને અસર કરે છે.

**વાતાવરણ પરિવર્તનથી થતા નુકસાનઃ** વાતાવરણના અસંતુલનથી કેસર કેરીમાં નીચે મુજબ નુકસાન થાય છેઃ

● મોર સુકાઈ જવો અથવા ગળી જવું

●પાઉડરી મિલ્ડ્યુ અને એન્થ્રાક્નોઝ જેવા રોગોમાં વધારો

● મધિયો (મંગો હોપર), થ્રિપ્સ અને મીલીબગનો ઉપદ્રવ વધવો

● પરાગણ પ્રક્રિયા અધૂરી રહેવી

● ૨૦–૩૦% સુધી ફળ ગાળો વધવો

● ફળનું કદ નાનું રહેવું

● ગુણવત્તામાં ઘટાડો

● નિકાસ લાયક ફળનું પ્રમાણ ઘટવું

આ પરિસ્થિતિ ખેડૂતોના ખર્ચમાં વધારો કરે છે અને આવક પર સીધી અસર કરે છે.

**ઉકેલઃ** ● પરાગનયન સુધારવા માટે પરાગનયન જાતોનો સમાવેશ કેરીમાં પરાગનયન મુખ્યત્વે મધમાખીઓ અને અન્ય જીવાતો દ્વારા થાય છે. જો બગીચામાં એક જ જાતના ઝાડ હોય, તો ક્રોસ-પરાગનયન ઓછું રહે છે. તેથી મુખ્ય જાત (કેસર) ની સાથે પરાગનયન જાતોનો સમાવેશ કરવો લાભદાયક છે.

આમ્રપાલી, તોતાપુરી, બોમ્બે ગ્રીન અને દેશી આંબા ઉત્તમ



પરાગવાહક તરીકે કાર્ય કરે છે. સામાન્ય રીતે દર ૮ થી ૧૦ ઝાડ પછી ૧ પરાગનયન ઝાડ રાખવાથી ફળ બેસવાની ક્ષમતા ૧૦–૧૫% સુધી વધી શકે છે. બગીચામાં મધમાખીના મધપૂડા રાખવાથી પરાગનયન વધુ અસરકારક બને છે. ફૂલ અવસ્થામાં તીવ્ર ઝેરી દવાઓનો છંટકાવ ટાળવો જરૂરી છે.

● **ફળ ગાળો નિયંત્રણ અને NAA નો ઉપયોગ**

વાતાવરણના અસંતુલન અને પરાગણની અપૂર્ણતાને કારણે ફળ ગાળો વધે છે. આવી સ્થિતિમાં NAA (નાફ્થેલિન એસિટિક એસિડ) ૨૦-૪૦ ̆m દ્રાવણ મોર પછી અને ફળ વટાણા સાઈઝ પર છંટકાવ કરવાથી ફળધારણ જાળવવામાં મદદ મળે છે. તેનો ઉપયોગ હંમેશા નિષ્ણાતની સલાહ મુજબ કરવો.

● **પિયત વ્યવસ્થાપન :** ● ફળ બેસવા અને વિકાસ દરમિયાન પાણીનું યોગ્ય સંચાલન અત્યંત મહત્વપૂર્ણ છે.

● મોર પહેલાં (નવેમ્બર-ડિસેમ્બર): પિયત બંધ રાખવી જેથી વનસ્પતિક વૃદ્ધિઅટકે અને મોર આવવામાં સહાય મળે.

● ફળ બેઠા પછી (વટાણા સાઈઝ): પિયત શરૂ કરવી જરૂરી છે, કારણ કે પાણીની અછત ફળ ગાળો વધારતી હોય છે.

**ફળ વિકાસ સમયઃ** ઉનાળામાં દર ૧૦–૧૫ દિવસે નિયંત્રિત પિયત આપવી.

ટપક સિંચાઈ પદ્ધતિથી ૩૦–૫૦% પાણી બચત થાય છે અને ૨૦–૩૦% ઉત્પાદન વધારો નોંધાય છે. આવરણ પદ્ધતિ (મલ્ચિંગ) કરવાથી જમીનમાં ભેજ લાંબા સમય સુધી ટકી રહે છે.

**પોષક વ્યવસ્થાપનઃ** જમીન પરીક્ષણ આધારે ખાતર આપવું જરૂરી છે. મોર પહેલાં પોટાશ અને બોરોનનો ઉપયોગ ફળધારણમાં સુધારો કરે છે. ઝીંક અને આયર્નની અછત હોય તો ફોલિયર સ્પ્રે કરવો જોઈએ.

**જીવાત અને રોગ વ્યવસ્થાપન (IPM) :**

વધતા તાપમાન અને ભેજને કારણે મંગો હોપર, થ્રિપ્સ અને મીલીબગનો ઉપદ્રવ વધે છે. પાઉડરી મિલ્ડ્યુ અને એન્થ્રાક્નોઝ જેવા રોગો વધુ ફેલાય છે. પીળા સ્ટિકી ટ્રેપ, પ્રકાશ પાંજરા અને જૈવિક નિયંત્રણ અપનાવી રસાયણિક દવાનો ઉપયોગ ઘટાડવો જોઈએ. જરૂર હોય ત્યારે નિષ્ણાતની સલાહથી જ દવાનો છંટકાવ કરવોજોઈએ.

**વૃક્ષ સંચાલન અને છટણીઃ** ફળ તોડ્યા પછી સુકાઈ ગયેલી, રોગગ્રસ્ત અને અંદરની તરફ વધતી ડાળીઓ દૂર કરવી. યોગ્ય છટણીથી હવામાં અવરજવર વધે છે, ભેજ ઓછું રહે છે અને રોગનું પ્રમાણ ઘટે છે. હાઈ ડેન્સિટી પ્લાન્ટિંગમાં નિયમિત છટણી અત્યંત જરૂરી છે.

**હવામાન આધારિત ખેતીઃ** હવામાન પૂર્વાનુમાન આધારે પિયત, દવા અને ખાતર આયોજન કરવાથી નુકસાન ઓછું કરી શકાય છે. ડ્રિપ સિંચાઈ, મલ્ચિંગ, પરાગનયન જાતોનો સમાવેશ અને મધમાખી પાલન જેવી હવામાન-સ્માર્ટ ટેકનિક અપનાવવી સમયની માંગ છે.

**આંબાનું મોરઆંબાનું વૃક્ષ :**

● **નિષ્કર્ષ**

વાતાવરણ પરિવર્તન કેસર કેરીના ઉત્પાદન માટે ગંભીર પડકાર છે, પરંતુ વૈજ્ઞાનિક માવજત, યોગ્ય પિયત સંચાલન, પરાગનયન સુધારણા, NAA નો નિયંત્રિત ઉપયોગ અને સંકલિત જીવાત નિયંત્રણ દ્વારા તેની અસરને ઘણાં અંશે ઘટાડી શકાય છે. ગુજરાતના ખેડૂતોએ પરંપરાગત અનુભવ સાથે આધુનિક ટેકનોલોજી અપનાવી હવામાન-સ્માર્ટ ખેતી તરફ આગળ વધવું જોઈએ. યોગ્ય આયોજન અને વૈજ્ઞાનિક માર્ગદર્શનથી કેસર કેરીની મીઠાશ અને વૈશ્વિક ઓળખ ભવિષ્યમાં પણ અડગ રહેશે.

ચાવડા ફોરમ વી., જે. એસ. પરસાણા, ડી. કે. વરૂ
પી.જી. વિદ્યાર્થી, બાગાયત મહાવિદ્યાલય, જૂનાગઢ
કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ, મદદનીશ પ્રાધ્યાપક,
કૃષિ મહાવિદ્યાલય, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી,
જામનગર (તરઘડિયા),
આચાર્ય અને વડા, બાગાયત મહાવિદ્યાલય,
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ

# જૂતા ઉદ્યોગ પર સંકટ : ઈરાન-ઈઝરાયેલ યુદ્ધથી નિકાસમાં ૪૦% ઘટાડાની ભીતિ

આગ્રા,તા.૧

ઈરાન અને ઈઝરાયેલ વચ્ચેના યુદ્ધે વૈશ્વિક રાજકારણની સાથે આગ્રાના પ્રખ્યાત જૂતા ઉદ્યોગમાં પણ ચિંતા ફેલાવી છે. હોર્મુઝની સામુદ્રધુની અને લાલ સમુદ્રના માર્ગો જોખમી બનતા નિકાસકારોએ હવે 'કેપ ઓફ ગુડ હોપ' (આફ્રિકા) ફરીને માલ મોકલવો પડશે. આનાથી માલ પહોંચવામાં ૩૦ થી ૫૦ દિવસનો વિલંબ થશે



અને પરિવહન ખર્ચ બમણો થઈ જશે.

આગ્રા વાર્ષિક રૂા.૪,૦૦૦ કરોડના ફૂટવેરની નિકાસ કરે છે, જેમાં ઈઝરાયેલ અને મધ્ય પૂર્વનો હિસ્સો રૂા.૨૫૦ થી રૂા.૫૦૦ કરોડ છે. નેશનલ ચેમ્બર ઓફ ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખ સંજય ગોયલના જણાવ્યા અનુસાર, રૂટમાં વિક્ષેપ અને પેમેન્ટ વસૂલાતના પડકારોને કારણે ચાલુ નાણાકીય વર્ષમાં વેપારમાં ૪૦% ઘટાડો થઈ શકે છે.ઉપરાંત, ક્રૂડ ઓઈલના વધતા ભાવને કારણે ચામડા ઉદ્યોગમાં વપરાતા રસાયણો મોંઘા થયા છે. વધતા ખર્ચને લીધે આંતરરાષ્ટ્રીય બજારમાં ચીન અને વિયેતનામ સામે સ્પર્ધા કરવી મુશ્કેલ બનશે, જેની સીધી નકારાત્મક અસર **MSME** ક્ષેત્ર પર પડશે.

# પુડુચેરીમાં રૂ. ૨,૭૦૦ કરોડના વિકાસકામોનું પીએમ મોદીના હસ્તે લોકાર્પણ

પુડુચેરી,તા.૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પુડુચેરીની મુલાકાત દરમિયાન રૂ.૨,૭૦૦ કરોડથી વધુના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો હતો. આ પ્રસંગે તેમણે પુડુચેરીને સંતો અને કવિઓની ભૂમિ ગણાવી **'BEST'** મંત્રનો પુનરોચ્ચાર કર્યો હતો. પીએમ મોદીએ જણાવ્યું કે કેન્દ્ર અને કેન્દ્રશાસિત પ્રદેશની 'ડબલ એન્જિન' સરકારના



સમન્વયથી વિકાસકાર્યોમાં ગતિ આવી છે. આ વર્ષના બજેટમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે રૂ.૧૨ લાખ કરોડની ફાળવણી કરવામાં આવી છે, જેનો લાભ પુડુચેરીના રસ્તાઓ, પીવાના પાણી અને શાળાઓને મળશે. શિક્ષણ ક્ષેત્રે **NIT** કરાઈકલ ખાતે 'ડો. એપીજે અબ્દુલ કલામ એન્જિનિયરિંગ બ્લોક' અને આધુનિક હોસ્પિટલ સુવિધાઓથી વિદ્યાર્થીઓને મોટો ફાયદો થશે.પર્યાવરણની જાળવણી માટે 'પીએમ ઈ-બસ સેવા' હેઠળ ઈલેક્ટ્રિક બસો પૂરી પાડવામાં આવશે, જે પ્રવાસન ક્ષેત્રે ગેમ-ચેન્જર સાબિત થશે. અંતમાં તેમણે ભૂતકાળની કોંગ્રેસ-ડીએમકે સરકાર પર પ્રહાર કરતા કહ્યું કે, અગાઉના શાસનમાં ભ્રષ્ટાચાર અને અસ્થિરતા હતી, જ્યારે વર્તમાન સરકાર ગરીબોને સ્થિરતા અને ગૌરવ પ્રદાન કરી રહી છે.

# કેજરીવાલનો ભાજપને પડકાર: "ભ્રષ્ટાચાર સાબિત થાય તો રાજકારણ છોડી દઈશ"

નવીદિલ્હી,તા.૦૧

દારૂ કૌભાંડમાં નિર્દોષ જાહેર થયા બાદ આમ આદમી પાર્ટીના કન્વીનર અરવિંદ કેજરીવાલે જંતર-મંતર પર જાહેર સભા ગજવી હતી. તેમણે વડાપ્રધાન મોદી પર નિશાન સાધતા કહ્યું કે, "મેં IITમાં અભ્યાસ કર્યો છે અને દેશસેવા માટે અમેરિકા જવાનો વિચાર ત્યાગી દીધો હતો. છેલ્લા ૧૦ વર્ષમાં મારી વિરુદ્ધ અનેક તપાસ થઈ, પરંતુ ભ્રષ્ટાચારનો એક પૈસો પણ મળ્યો નથી." કેજરીવાલે ખુલ્લો પડકાર ફેંક્યો કે જો દિલ્હી સરકારનો કોઈ પણ કોન્ટ્રાક્ટર કે વિક્રેતા એમ કહી દે કે કેજરીવાલે પૈસા માંગ્યા છે, તો તેઓ તુરંત રાજકારણ છોડી દેશે.

સાથે જ વિપક્ષના નેતા આતિશીએ ભાજપ પર કાવતરું ઘડવાનો આરોપ લગાવતા કહ્યું કે, પુરાવા વિના લોકોને જેલમાં ધકેલી દિલ્હીની જનતા પર જુલમ ગુજારવામાં આવ્યો છે, જેના કારણે ૧૦,૦૦૦ બસ માર્શલોએ પોતાની નોકરી ગુમાવવી પડી છે.

# મધ્ય પૂર્વમાં યુદ્ધની જ્વાળા : તેલ અવીવ, દુબઈ અને તેહરાન સહિતના મુખ્ય એરપોર્ટ બંધ

તેલઅવીવ,તા.૦૧

ઈરાન દ્વારા ઈઝરાયેલ અને ખાડી દેશો પર કરાયેલા મિસાઈલ હુમલાને પગલે સમગ્ર મધ્ય પૂર્વમાં યુદ્ધની સ્થિતિ સર્જાઈ છે. તણાવ વધતા સુરક્ષાના કારણોસર ઈઝરાયેલ, યુએઈ, કતાર, કુવૈત અને ઈરાન સહિતના દેશોએ પોતાનું હવાઈ ક્ષેત્ર બંધ કરી દીધું છે. આના પરિણામે હજારો આંતરરાષ્ટ્રીય



ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે, જેનાથી લાખો મુસાફરો અટવાયા છે. વિશ્વના સૌથી વ્યસ્ત એવા દુબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ સહિત અબુ ધાબી, દોહા અને તેહરાન એરપોર્ટ પર કામગીરી સ્થગિત કરી દેવામાં આવી છે. ઈઝરાયેલનું તેલ અવીવ અને ઈરાકનું એર્બિલ એરપોર્ટ પણ બંધ છે. લેબનોનના બેરૂત અને જોર્ડનના અમ્માન એરપોર્ટથી મોટાપાયે ફ્લાઈટ્સ રદ થતા વૈશ્વિક હવાઈ વ્યવહાર ખોરવાયો છે. ઈરાને ખાડી દેશોના મુખ્ય મથકોને નિશાન બનાવતા સ્થિતિ અત્યંત ગંભીર બની છે.

# વેજાગામ પ્રાથમિક શાળામાં નેશનલ સાયન્સ ડે અને આરોગ્ય જાગૃતિ કાર્યક્રમની ઉજવણી

ગોંડલ, તા.૦૧

વેજાગામ પ્રાથમિક શાળામાં 'નેશનલ સાયન્સ ડે' નિમિત્તે ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓએ ૪૦



જેટલી વૈજ્ઞાનિક કૃતિઓ રજૂ કરી હતી. વિજ્ઞાન શિક્ષક મિરલભાઈ શેરઠીયાના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ પ્રદર્શનમાં સરપંચ વર્ષાબેન ભાલાળા અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. સાથે જ, શાળામાં ૧૦૮ ઈમરજન્સી સેવા દ્વારા આપત્તિ વ્યવસ્થાપન અને આરોગ્ય જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ઈએમટી વિશાલભાઈ ઠાકોર અને પાયલોટ શક્તિસિંહ ચુડાસમાએ અકસ્માત કે હાર્ટએટેક જેવી કટોકટીમાં લેવાતા પ્રાથમિક સારવારના પગલાંનો જીવંત ડેમો રજૂ કર્યો હતો.

# કોડીનારના રામજી મંદિરે ભવ્ય 'હોળી રસિયા' મહોત્સવ યોજાયો

કોડીનાર, તા.૦૧

ગીર સોમનાથ જિલ્લાના કોડીનારમાં આવેલા ઐતિહાસિક રામજી મંદિરે સતત બીજા વર્ષે વ્રજ પરંપરાનો સુપ્રસિદ્ધ 'હોળી રસિયા' મહોત્સવ હર્ષોલ્લાસ સાથે ઉજવાયો. ફાગણ માસ પૂર્વે યોજાયેલા આ કાર્યક્રમમાં રાત્રે ૧૦ થી ૧૨ વાગ્યા સુધી ભક્તિરસ છલકાયો અને સેંકડો શ્રદ્ધાળુઓ હાજર રહ્યા.



હવેલીના મહારાજશ્રી અને નવનીતપ્રિયાજીના મુખ્યાજી રાજુભાઈ વ્યાસ તથા તેમની ટીમે સંગીત સાથે અષ્ટ રસિયાના પદો ગાઈ ભક્તોને ભાવવિભોર કર્યા. શ્રીકૃષ્ણ-રાધાના રાસનું મનોહર વર્ણન થતાં મંદિર પરિસર ગોકુળ-મથુરા સમાન ભક્તિમય બન્યું. ઠાકોરજી સમક્ષ પુષ્પવર્ષા કરવામાં આવી અને ભક્તો ગોપ-ગોપી ભાવે ઝૂમી ઉઠ્યા.આ પ્રસંગે શ્રીનાથજીથી મંગાવવામાં આવેલી ઠંડાઈ તથા મીઠાઈનો પ્રસાદ વહેંચાયો. કાર્યક્રમને સફળ બનાવવા પૂજારી વિપુલભાઈ પંડ્યા સહિત વૈષ્ણવોએ જહેમત ઉઠાવી.

# કોડીનાર પોલીસે વેશપલ્ટો કરી મહારાષ્ટ્રના 'બાહુબલી' મુકાદમને દબોચ્યો: ૩ વર્ષથી ફરાર

કોડીનાર, તા.૦૧

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર પંથકમાં ગોળના રાબડા ધારકો સાથે લાખોની છેતરપિંડી આચરી છેલ્લા ત્રણ વર્ષથી નાસતા ફરતા આરોપી ભટુ તર્સીંગભાઈ સોનવણેને પકડી પાડવામાં કોડીનાર પોલીસને મોટી સફળતા મળી છે. મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લામાં રાજકીય વગ અને બાહુબલી છબી ધરાવતો આ આરોપી અગાઉ ત્રણ



વખત પોલીસને હાથતાળી આપી ચૂક્યો હતો. કોડીનાર પોલીસ ઈન્સ્પેક્ટર એમ.કે. વણારકાના માર્ગદર્શન હેઠળ એ.એસ.આઈ. ધર્મેન્દ્રસિંહ, પો.કોન્સ. ભીખુશા અને વિક્રમભાઈની ટીમે આ વખતે નવી સ્ટ્રેટજી અમલમાં મૂકી હતી. ટેકનિકલ એનાલિસિસ દ્વારા લોકેશન મેળવ્યા બાદ પોલીસકર્મીઓએ વેશપલ્ટો કરીને ગુપ્ત રીતે આરોપીના વિસ્તારમાં પ્રવેશ કર્યો હતો. એક કર્મચારીએ હિન્દુ અને બીજાએ મુસ્લિમ તરીકે ઓળખ છુપાવી સતત ચાર દિવસ સુધી આરોપીની ગતિવિધિઓ પર નજર રાખી આરોપીને આબાદ ઝડપી લેવામાં આવ્યો હતો.

# રાજુલા અર્બન હેલ્થ સેન્ટરના ફાર્માસિસ્ટ જે. કે. જોશીનો નિવૃત્તિ વિદાય સમારંભ યોજાયો

રાજુલા, તા.૦૧

અર્બન આરોગ્ય કેન્દ્ર રાજુલામાં વર્ષો સુધી નિષ્ઠાપૂર્વક સેવા બજાવનાર ફાર્માસિસ્ટ જોશી જીતેન્દ્ર કાંતિલાલ વયમર્યાદાને કારણે નિવૃત્ત થતા તેમને સ્ટાફ તરફથી ભાવભીની વિદાય આપવામાં આવી હતી. આ પ્રસંગે રાજુલાની વૃંદાવન ગાર્ડન રેસ્ટોરન્ટ ખાતે જન્મદિવસની ઉજવણી સાથે વિદાય સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અર્બન રાજુલાના મેડિકલ ઓફિસર ડો. બળદાણીયા તથા ડો. ટાંક, કિશોરભાઈ



મકવાણા, રાહુલભાઈ પંડ્યા, લતીફભાઈ તેમજ અન્ય સ્ટાફ અને પરિવારના સભ્યો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સહકર્મચારીઓએ તેમની લાંબી સેવા, કાર્યનિષ્ઠા અને સૌજન્યસભર સ્વભાવની પ્રશંસા કરી હતી તેમજ તેમના નિવૃત્તિ જીવન માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

# ગોંડલમાં દેવપરા ગ્રુપ દ્વારા ૨૫,૦૦૦ છાણાની સૌથી મોટી હોળીનું આયોજન

ગોંડલ, તા.૦૧

ગોંડલ શહેરમાં છેલ્લા ૭૪ વર્ષથી ચાલી આવતી પરંપરા મુજબ આ વર્ષે પણ ફાગણ સુદ પૂનમના રોજ દેવપરા ગ્રુપ દ્વારા તાલુકા શાળાના મેદાનમાં ભવ્ય હોલિકા દહનનું આયોજન કરવામાં આવ્યું છે. આ શહેરની સૌથી મોટી હોળી માનવામાં આવે છે, જેમાં આશરે ૨૫,૦૦૦ જેટલા છાણાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે આર્ય સમાજ દ્વારા પવિત્ર વૈદિક હવનની ઔષધિઓ પણ હોળીમાં અર્પણ કરવામાં આવશે. આયોજક જયસુખભાઈ વઘાસિયા, જયદીપસિંહ જાડેજા અને તેમની ટીમ દ્વારા તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. દર્શનાર્થે આવતા હજારો શ્રદ્ધાળુઓને શ્રીફળ અને ઘૂઘરીનો પ્રસાદ વહેંચવામાં આવશે. સાથે જ ગોલ્ડન ગ્રુપ દ્વારા મનોહર 'ફુલફાગ મહોત્સવ'નું પણ વિશેષ આયોજન કરાયું છે.

# હોળી-ધૂળેટી: બજારમાં હર્બલ કલર અને ઈલેક્ટ્રિક પિચકારીની ધૂમ, ભાવમાં ૧૦%નો વધારો

અમદાવાદ, તા.૦૧

આગામી હોળી-ધૂળેટીના પર્વને લઈ બજારોમાં ભારે રોનક જોવા મળી રહી છે. આ વર્ષે ખાસ કરીને બાળકોમાં કાર્ટૂન કેરેક્ટરવાળી પિચકારીઓ, ગદા, તલવાર અને છત્રી આકારની પિચકારીઓ આકર્ષણનું કેન્દ્ર બની છે. આ ઉપરાંત, બજારમાં રૂ. ૨,૦૦૦ સુધીની કિંમતના અત્યાધુનિક



ગુલાલ સિલિન્ડર અને ઈલેક્ટ્રિક પિચકારીઓની પણ ભારે માંગ છે. સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ વધતા લોકો ફ્રુટની સુગંધ ધરાવતા હર્બલ કલર વધુ પસંદ કરી રહ્યા છે, જેની કિંમત રૂ. ૨૦ થી ૫૫૦ સુધીની છે. વેપારીઓના જણાવ્યા મુજબ, કાચા માલના ભાવ વધવાને કારણે ગત વર્ષની સરખામણીએ આ વખતે પિચકારી અને રંગોના ભાવમાં ૧૦% જેટલો વધારો નોંધાયો છે. તેમ છતાં, ગ્રાહકોમાં તહેવારને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને બજારો ગ્રાહકોની ભીડથી ઊભરાઈ રહ્યા છે.

# લાઠીના ઈંગોરાળામાં રૂ.૪૦ લાખના ખર્ચે નવા પશુ દવાખાનાના ભવનનું ખાતમુહૂર્ત

**આધુનિક સુવિધાઓ સાથેનું દવાખાનું બનતા પશુપાલકોને ઘરઆંગણે મળશે સારવાર**

લાઠી, તા.૦૧

લાઠી તાલુકાના ઈંગોરાળા ગામે પશુપાલકોને પશુ આરોગ્ય સુવિધા સરળતાથી ઉપલબ્ધ થાય તે હેતુસર અંદાજીત રૂ.૪૦ લાખના ખર્ચે નવા પશુ દવાખાનાના નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. સાંસદ ભરતભાઈ સુતરીયા અને



ધારાસભ્ય જનક તળાવિયાના હસ્તે આ ભવનની વિધિવત ખાતમુહૂર્ત વિધિ સંપન્ન થઈ હતી. આ પ્રસંગે સાંસદ ભરતભાઈ સુતરીયાએ જણાવ્યું હતું કે, નવા પશુ દવાખાનામાં આધુનિક સુવિધાઓ, સારવાર રૂમ અને રસીકરણની વ્યવસ્થા ઉપલબ્ધ રહેશે, જેનાથી પશુઓના મત્યુદરમાં ઘટાડો થશે. ધારાસભ્ય જનક તળાવિયાએ ઉમેર્યું હતું કે, પશુઓના આરોગ્યના સંરક્ષણથી પશુપાલકોની આવક વધશે અને ગ્રામીણ અર્થતંત્ર મજબૂત બનશે. કાર્યક્રમમાં સરપંચ, તાલુકા પંચાયતના સભ્યો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. અત્યાર સુધી પશુ સારવાર માટે દૂર જવું પડતું હતું, પરંતુ હવે ગામમાં જ સુવિધા મળતા પશુપાલકોએ આનંદની લાગણી વ્યક્ત કરી હતી. તંત્ર દ્વારા આ નિર્માણ કાર્ય નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ થાય તે માટે જરૂરી દેખરેખ રાખવામાં આવશે.

# ઉજ્જૈનમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદની બેઠક યોજાઈ, સૌરાષ્ટ્રના અગ્રણીઓને સોંપાઈ મહત્વની જવાબદારીઓ

અમરેલી, તા.૦૧

ઉજ્જૈન ખાતે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ, રાષ્ટ્રીય બજરંગદળ, રાષ્ટ્રીય છાત્ર પરિષદ, રાષ્ટ્રીય મહિલા પરિષદ અને ઓજસ્વિની સંગઠનનું ભવ્ય રાષ્ટ્રીય મહાસંમેલન યોજાયું હતું. આ કાર્યક્રમમાં દેશભરના ૩૫ પ્રાંતોમાંથી જિલ્લા અને ઉપરના સ્તરના આશરે ૩૫૦૦ જેટલા હિન્દુ સાથીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સંગઠનના કાર્યને વેગ



આપવા માટે દેશભરમાંથી આવેલ પ્રતિનિધિઓના કુલ ૧૪૪ ગઠ (ગ્રુપ) બનાવવામાં આવ્યા હતા, જેમાં વિવિધ વિષયો પર ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. આ સંમેલનમાં સૌરાષ્ટ્ર પ્રાંત સંગઠન મહામંત્રી નિર્મળભાઈ ખુમાણ દ્વારા સોશિયલ મીડિયાના અસરકારક ઉપયોગ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જ્યારે ઈન્ડિયા હેલ્થ લાઈનના મહત્વ વિશે સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ ડો. કિરીટકુમાર દેશાણીએ વિશેષ માહિતી પૂરી પાડી હતી. મહાસંમેલન દરમિયાન વિવિધ પદાધિકારીઓને નવી જવાબદારીઓ સોંપવામાં આવી હતી, જેમાં ઈન્ડિયા હેલ્થ લાઈન ગ્રુપ નંબર ૨૦ના પ્રમુખ તરીકે સુરેશભાઈ સોલંકીની નિમણૂક કરવામાં આવી હતી. આ પ્રસંગે રાષ્ટ્રીય અધ્યક્ષ ડો. પ્રવીણભાઈ તોગડિયા, રાષ્ટ્રીય મંત્રી રણછોડભાઈ ભરવાડ, સહિતના વરિષ્ઠ પદાધિકારીઓ ઉપસ્થિત રહી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

## ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીએ અમરેલી જિલ્લામાં દબાણ બાબતે સવાલ કરતા સરકારનો જવાબ

# અમરેલી જિલ્લાના ૮ તાલુકામાં ગૌચરની જમીન પર દબાણ હોવાનો સરકારનો સ્વિકાર

### ૪૩ વર્ષ સુધી ગૌચરની જમીન પર દબાણ હોવાછતાં સરકાર દ્વારા ઢીલી કામગીરીથી પશુપાલકોમાં રોષ

અમરેલી,તા.૦૧

વડગામના ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી દ્વારા ગુજરાત વિધાનસભામાં પૂછવામાં આવેલા એક પ્રશ્નના ઉત્તરમાં અમરેલી જિલ્લામાં ગૌચરની જમીનો પરના દબાણોનો ચોંકાવનારો ખુલાસો થયો છે. સરકારે સ્વીકાર્યું છે કે અમરેલી જિલ્લાના મોટાભાગના તાલુકાઓમાં ગૌચરની જમીન પર મોટાપાયે ગેરકાયદેસર દબાણો થયેલા છે. અમરેલી તાલુકાના શેડુભાર ગામમાં સૌથી વધુ ગૌચરની જમીન દબાયેલી હોવાનું સામે આવ્યું છે.જયારે ખાંભા તાલુકામાં છેલ્લા ૪૩ વર્ષથી ગૌચરની જમીન પર દબાણ હોવાનો પર્દાફાશ થયો છે, જિલ્લાના અન્ય તાલુકાઓમાં પણ ગૌચરની જમીનો ભૂમાફિયાઓ અથવા અન્ય તત્વો દ્વારા પચાવી પાડવામાં આવી છે.જીજ્ઞેશ મેવાણીએ આ મુદ્દે સરકારને ઘેરતા જણાવ્યું કે, એક તરફ પશુઓ માટે ચરિયાણની જમીન ખૂટી રહી છે અને બીજી તરફ દાયકાઓથી ચાલતા દબાણો દૂર કરવામાં તંત્ર નિષ્ફળ રહ્યું છે. માલધારી સમાજમાં પણ આ મુદ્દે ભારે રોષ જોવા મળી રહ્યો છે. રાજય સરકાર દ્વારા જ ગૌચરની જમીન પર દબાણકર્તાઓ સામે કોઈ જ પ્રકારની કામગીરી કરતું ન હોવાથી આ બાબતે ભુમાફીયાઓને છુટો દોર મળી ગયો છે. ૪૩ વર્ષથી ગૌચરની જમીનમાં દબાણ થયેલુ હોવા છતાં સરકારની ઉદાસીન નીતિ સામે આવી છે.

### ૦૧ થી લઈ ૪૩ વર્ષ સુધી ગૌચરમાં દબાણ સરકાર હજુ ફીફા ખાંડે છે

આ અંગે પશુપાલકો રોષ સાથે જણાવી રહ્યા છે કે ખાંભા તાલુકામાં ૪૩ વર્ષથી ગૌચરમાં દબાણ હોવાનો સરકારે જ સ્વીકાર કર્યો છે. આટલા વર્ષો સુધી સરકારે પશુ માટેના ગૌચર માટે કોઈ જ કાર્યવાહી કરી નહી. જિલ્લાના ૮ તાલુકાઓમાં ગૌચરની જમીન પર દબાણ કરવામાં આવેલ છે. ગૌચરની જમીન પર દબાણ કરનારાઓ સામે સરકાર ઉંઘતી ઝડપાઈ છે. સરકારની આવી નીતિથી પશુપાલકોમાં રોષ ફેલાયો છે.

### દબાણકર્તાઓ સામે કાર્યવાહી માટે કોર્ટનો આશરો

અમરેલી જિલ્લાના મોટાભાગના તાલુકાઓમાં દબાણકર્તાઓએ ગૌચરની જમીન પર દબાણ કરેલ હોવાની માહિતી વિધાનસભામાં રજૂ થતા ખળભળાટ મચી ગયો છે. જિલ્લાના ૮ તાલુકાઓમાં દબાણ થયુ હોવાનો સરકારે જ સ્વીકાર કર્યો છે. આ દબાણકર્તાઓ સામે સરકારે વિધાનસભામાં જવાબ આપ્યો હતો કે, આ બાબતે જિલ્લા જમીન દફતર દ્વારા માપણીની કાર્યવાહી ચાલુ છે તો અન્ય તાલુકાઓમાં કોર્ટ મેટર ચાલુ હોવાનુ જણાવવામાં આવ્યુ છે. જો કે આ બધી બાબતોના નિકાલ માટે હજુ વર્ષો નિકળી જાય તેવુ લાગી રહ્યુ છે.

| તાલુકો | ગામનું નામ | ગૌચરમાં દબાણની સંખ્યા | સમયગાળો |
|---|---|---|---|
| ખાંભા | ખાંભા | ૦૧ | ૪૩ વર્ષ |
| » | ચક્રાવા | ૨૨ | ૪૩ વર્ષ |
| » | સાળવા | ૦૧ | ૪૩ વર્ષ |
| » | ભાવરડી | ૦૧ | ૪૩ વર્ષ |
| અમરેલી | મોણપુર | ૩૩ | ૧૩ વર્ષથી |
| » | શેડુભાર | ૬૦ | ૦૧ વર્ષથી |
| ધારી | દલખાણીયા | ૦૫ | ૧૫ વર્ષથી |
| રાજુલા | કોવાયા | ૩૪ | ૧૪ વર્ષથી |
| લાઠી | રામપુર | ૩૫ | ૩૫ વર્ષથી |
| જાફરાબાદ | ભાડા | ૩૩ | ૦૭ વર્ષથી |
| બગસરા | સમઢીયાળા | ૦૭ | ૧૫ વર્ષથી |
| કુંકાવાવ | મોરવાડા | ૦૧ | ૧૦ વર્ષથી |

# ગુંદરણ-ઢાંગલા વચ્ચે વાહન પાછળ બાઈક ઘૂસી જતાં બાળક સહિત ૩ શ્રમિકોના મોત



લીલીયા, તા.૦૧

લીલીયા તાલુકાના ગુંદરણ અને ઢાંગલા ગામ વચ્ચે ગત રાત્રે ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. અંધકારમાં આગળ જઈ રહેલા અજાણ્યા ભારે વાહન પાછળ બાઈક ધડાકાભેર ઘૂસી જતા બાળક સહિત ત્રણ શ્રમિકોના ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યા હતા, જ્યારે એક યુવાન ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે. પ્રાપ્ત માહિતી મુજબ ઢાંગલા ગામની સીમમાં વાડી વિસ્તારમાં ખેત મજૂરી કરતા પરપ્રાંતીય શ્રમિક પરિવારના ચાર સભ્યો એક જ મોટરસાયકલ પર સવાર થઈને જઈ રહ્યા હતા. તે દરમિયાન ગુંદરણ-ઢાંગલા માર્ગ પર આગળ ચાલી રહેલા ભારે વાહન પાછળ તેમની બાઈક અથડાઈ હતી. અકસ્માત એટલો ભીષણ હતો કે સવાર યુવાનોને સંભાળવાની કોઈ તક મળી નહોતી. આ દુર્ઘટનામાં ૧૨ વર્ષીય રઈલેશ સવેલ સિંગનું માથામાં ગંભીર ઈજા થતાં સ્થળ પર જ મોત થયું હતું. ઉપરાંત જયેશ બરસિંગ (ઉં.વ. ૧૭) અને હેમરાજ સવેલ સિંગ (ઉં.વ. ૧૪)ના પણ ઘટનાસ્થળે જ પ્રાણ ગયા હતા. સુનીલ સવેલ સિંગ (ઉં.વ. ૧૮) ગંભીર રીતે ઘાયલ થતાં તેને પ્રથમ લીલીયા સિવિલ હોસ્પિટલ ખસેડાયો અને બાદમાં વધુ સારવાર માટે અમરેલી રિફર કરવામાં આવ્યો છે. મૃતકો મૂળ મધ્યપ્રદેશના વતની હતા અને છેલ્લા ૧૬ વર્ષથી આ વિસ્તારમાં સ્થાયી થઈ ખેતી મજૂરી કરી ગુજરાન ચલાવતા હતા. એકસાથે ત્રણ યુવાનોના મોતથી પરિવારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. ઘટનાની જાણ થતાં લીલીયા પોલીસ સ્ટેશનના પીઆઈ એમ. ડી. સાળુંકે અને પીએસઆઈ વાય.એમ. જાડેજા સહિતનો પોલીસ કાફલો સ્થળ પર દોડી ગયો હતો. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે લીલીયા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. પોલીસે અજાણ્યા ભારે વાહનચાલક વિરુદ્ધ ગુનો નોંધી તેની શોધખોળ શરૂ કરી છે.

# સુરતમાં વરાછા બ્રિજ પર ઉભેલા ટ્રેક્ટર પાછળ બાઈક અથડાતા પિતા, પુત્ર અને ભત્રીજાનું કરુણ મોત



સુરત, તા.૦૧

શહેરના વરાછા વિસ્તારમાં હીરાબાગથી કામરેજ તરફ જતાં ઓવરબ્રિજ પર શનિવારે રાત્રે એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. અંધારામાં રિફ્લેક્ટર વગર ઉભેલા બંધ ટ્રેક્ટર પાછળ મોટરસાયકલ ધડાકાભેર અથડાતા એક જ પરિવારના ત્રણ સભ્યોના મોત નીપજ્યા છે. મળતી માહિતી મુજબ, પાસોદરાના રહેવાસી શૈલેષભાઈ માણીયા પત્ની, પુત્ર અને ભત્રીજા સાથે રાત્રે ૧૧:૩૦ વાગ્યે ઘરે જઈ રહ્યા હતા. બ્રિજ પર અંધારાને કારણે ઉભેલું ટ્રેક્ટર ન દેખાતા અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં શૈલેષભાઈ (પિતા), તેમનો પુત્ર મન અને ભાઈનો પુત્ર મંત્ર ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા સારવાર દરમિયાન મૃત્યુ પામ્યા હતા. જ્યારે શૈલેષભાઈના પત્ની કૃપાબેન હાલ હોસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે. ટ્રેક્ટર ચાલકની બેદરકારીને કારણે હસતા-રમતા પરિવારે પિતા અને બે માસૂમ બાળકો ગુમાવતા સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે.

# મક્કા ગયેલા પરિવારો હોટલોમાં અટવાયા, ફ્લાઈટ રદ થતા અમદાવાદ એરપોર્ટ પર અવ્યવસ્થા

### મિડલ ઈસ્ટ તંગદિલી વચ્ચે ગુજરાતના ૫૫ યાત્રીઓ ફસાયા

અમદાવાદ, તા.૦૧



મક્કામાં પવિત્ર યાત્રા માટે ગયેલા ગુજરાતના અંદાજે ૫૫ લોકો મિડલ ઈસ્ટમાં વધતી અશાંતિને કારણે ફસાયા છે. અચાનક તંગ પરિસ્થિતિ અને યુદ્ધ જેવી સ્થિતિ સર્જાતા તેઓ એરપોર્ટ પરથી પરત ફરી હોટલોમાં રોકાયા છે. ફસાયેલા મુસાફરોએ હોટલ ભાડાં મોંઘાં હોવાની અને સુરક્ષાને લઈને ભયની લાગણી વ્યક્ત કરી ભારત સરકાર પાસે તાત્કાલિક વતન વાપસીની માંગ કરી છે. ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે વધતી અથડામણથી હવાઈ મુસાફરી પર અસર પડી છે. અમદાવાદ એરપોર્ટ પરથી અનેક આંતરરાષ્ટ્રીય ફ્લાઈટો રદ અથવા મોડી ચાલી રહી છે. એરપોર્ટ સત્તાવાળાઓએ એડવાઈઝરી જાહેર કરી હેલ્પ ડેસ્ક શરૂ કર્યો છે. મુસાફરોને સંબંધિત એરલાઈન્સ સાથે સંપર્ક કરી ફ્લાઈટની સ્થિતિ તપાસવાની સલાહ અપાઈ છે.




## ગુજરાત સેમિકન્ડક્ટર કોન્ફરન્સ ૨૦૨૬માં મહત્વપૂર્ણ જાહેરાત

# રાજ્યની ૨૦૨૬-૨૦૩૧ સાયન્સ, ટેકનોલોજી અને ઈનોવેશન નીતિ જાહેર



ગાંધીનગર, તા.૦૧

ગાંધીનગર ખાતે યોજાયેલ ગુજરાત સેમિકન્ડક્ટર કોન્ફરન્સ ૨૦૨૬ દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની ૨૦૨૬થી ૨૦૩૧ સુધીની સાયન્સ, ટેકનોલોજી અને ઈનોવેશન (STI) નીતિ જાહેર કરી. નીતિનો હેતુ ગુજરાતને ટેકનોલોજીમાં અગ્રણી રાજ્ય બનાવવાનો છે. રૂ. ૧૦૦૦ કરોડના "સ્વદેશી અનુસંધાન ફંડ" દ્વારા AI, સેમિકન્ડક્ટર, ક્વાન્ટમ ટેકનોલોજી, બાયોટેક્નોલોજી અને ગ્રીન એનર્જી જેવા ક્ષેત્રોમાં સંશોધનને પ્રોત્સાહન મળશે. દર વર્ષે ૧૦૦થી વધુ પ્રોજેક્ટને સહાય આપવામાં આવશે. ગાંધીનગર-અમદાવાદથી સંશોધન ક્લસ્ટરની શરૂઆત કરી વડોદરા, સુરત, રાજકોટ સહિતના શહેરોમાં વિસ્તાર થશે. ૨૦૩૦ સુધી ૧ લાખ સંશોધકો તૈયાર કરવાનો લક્ષ્ય છે. દર વર્ષે JRF, SRF અને PDF ફેલોશિપ આપવામાં આવશે. રાજ્યમાં ૨૦૦થી વધુ IP સુવિધા કેન્દ્રો સ્થાપી નવીનતા અને પેટન્ટ નોંધણીને વેગ આપવામાં આવશે.













